મે ૨૦૨૫


# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૨૦



દરેક યુગમાં હંમેશાં બે પેઢી વચ્ચે આવો ભેદ પડી જાય છે. આમ (જનરેશનના) ચક્કર ફર્યા કરે,
કાળ પ્રમાણે બધું થયા કરે, એમાં કોઈનોય દોષ નથી. આ નવી જનરેશન બિલકુલ હેલ્ધી માઈન્ડની પાકી છે !
હેલ્ધી માઈન્ડની જનરેશન પાકે ત્યારે વર્લ્ડનું કલ્યાણ કરે ! આને માર્ગદર્શન આપનાર જોઈએ.

## અડાલજ : ત્રિમંદિર સંકુલમાં ભક્તિ : તા.૧૪ માર્ચ ૨૦૨૫



## અડાલજ : પૂજ્ય નીરુમાની ૧૯મી પુણ્યતિથિ : તા.૧૯ માર્ચ ૨૦૨૫



## અડાલજ : SMHT Day : તા.૨૧ માર્ચ ૨૦૨૫



વર્ષ : ૩૦, અંક : ૯
સળંગ અંક : ૩૫૭
**મે ૨૦૨૫**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2025
Dada Bhagwan Foundation.
All Rights Reserved.

**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Owned by & Published at**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Printed at**
**Amba Multiprint**
Opp. H B Kapadiya New High School, At- Chhatral, Tal: Kalol, Dist. Gandhinagar–382729.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
**ભારત :** ૧૦૦૦ રૂપિયા
**વાર્ષિક સભ્ય**
**ભારત :** ૨૦૦ રૂપિયા
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## કાળ પ્રમાણે ફરે જનરેશન, એમાં દોષ કોનો ?

### સંપાદકીય

સામાન્ય દૃષ્ટિએ જનરેશન ગેપ એટલે જૂની અને નવી પેઢીની વચ્ચે ઊભી થતી ભિન્નતાઓ. જેમાં દરેકનો ઉછેર, સંસ્કૃતિ, વિચારધારા અને માન્યતા વગેરેથી સર્જાતા મતભેદોને 'જનરેશન ગેપ' કહે છે. લોકોને થાય કે આ અંગ્રેજો આવ્યા ત્યારથી હિન્દુસ્તાનની નવી પેઢી બગડી ગઈ, જ્યારે પરમ પૂજ્ય દાદાશ્રીની વિચારધારા આગવી છે. તેઓના પ્રમાણે હવે આ કાળમાં ભારત દેશ ડેવલપ થયો છે, અત્યારની પ્રજામાં સુધારો થતો દેખાય છે. જ્યારે જૂના જમાનાની પ્રજાએ નીચલી નાત-જાત, વિધવા સ્ત્રીઓ પર ભયંકર અત્યાચાર, તિરસ્કાર, આગ્રહ કર્યા હતા, તેથી એબોવ નોર્મલ થઈ ગયા હતા. એબોવ નોર્મલ ઈઝ ધ પોઈઝન અને બિલો નોર્મલ ઈઝ ધ પોઈઝન, જે અંગ્રેજોના આવવાથી અહીંના લોકો નોર્માલિટીમાં આવ્યા.

જૂની જનરેશન તિરસ્કાર, માનની ગાંઠ લઈને આવેલી, જ્યારે આજની નવી જનરેશન મોહની ગાંઠ લઈને આવેલા છે. મનુષ્યનો સ્વભાવ કેવો છે કે નાનપણમાં પોતે જોયું હોય એવું જ આ છોકરાંઓએ કરવાનું એવું માને. અલ્યા ! વખત બદલાઈ ગયો છે ! સમય પ્રમાણે આ જગત ફર્યા જ કરવાનું અને પછી ફરી પાછું એની એ જ જગ્યાએ આવે. તેથી જ નવું-નવું લાગે છે. તેથી જ જીવાય છે, નહીં તો જીવાય નહીં. શું આ જગત ઊંધું કે છતું થઈ રહ્યું છે ? આ જગતને ફેરવવાની કોઈની સત્તા છે ? કુદરત બેલેન્સ કરવા પાછલું જૂનું બધું ફરાવે અને નવો પ્રવાહ લાવે.

પરમ પૂજ્ય દાદાશ્રી કહે છે કે તેમ છતાં અમારી જૂની પેઢી વિષયની બાબતમાં બહુ ચોખ્ખી હતી. આ જૂના ઘૈડિયા બુદ્ધિમાં નહીં પડેલા અને આ જુવાનિયા એકલા બુદ્ધિ પર જ પડેલા, તેથી જુવાનિયા જોડે મેળ ના પડે. બુદ્ધિ સ્થિર થવા ના દે અને હાર્ટ સ્થિર થવા દે. અધ્યાત્મ માર્ગ એ બુદ્ધિવાળાની શોધખોળ નથી, હૃદયવાળાની શોધખોળ છે. તેથી અમારા વખતની પ્રજામાં તદ્દન એવું નથી. અમુક એવા સારા ઊંચી કોઠાસૂઝવાળા જૂના વ્યક્તિઓ આજે પણ જોવા ના મળે.

પરમ પૂજ્ય દાદાશ્રી કહે છે કે આ કાળની જનરેશનને હું 'હેલ્ધી માઈન્ડવાળી' કહું છું. જૂના રોગ નથી એટલે જેવો ઘડવો હોય એવો ઘડાય. કળિયુગમાં જ્યારે જૂની-નવી પેઢી વચ્ચે ભેદ પડી જાય છે તે વખતે જે મૂર્ખ હોય તે પકડી રાખે. હું તો પહેલેથી જ મોર્ડન થઈ ગયેલો. સંજોગો પ્રમાણે નેચર નિરંતર ગોળ ફરે છે, આ યુગો એચ રાઉન્ડ છે. જૂનાને નવું કરે છે અને નવાને પછી જૂનું કરે છે. આમ જનરેશનના ચક્કર કાળ પ્રમાણે ફર્યા કરે, એમાં કોઈ જનરેશનનો દોષ નથી. હું તો દરેક માટે પોઝિટિવ કરવા માગું છું. આપણે સૌ નેગેટિવમાંથી એક પોઝિટિવ શોધીને સમયના પ્રવાહમાં આગળ વધી જૂની-નવી પેઢી વચ્ચે એડજસ્ટ થઈ આનંદમાં રહીએ એ જ હૃદયપૂર્વક અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# કાળ પ્રમાણે ફરે જનરેશન, એમાં દોષ કોનો ?

## તિરસ્કાર વૃત્તિએ નોતર્યું પતન

**પ્રશ્નકર્તા :** મારી માતાને જોઉં છું ને મારી પૌત્રીને જોઉં છું તો મને (એમની વચ્ચે) એટલો બધો ફેરફાર લાગે છે કે ના પૂછો વાત ! અત્યારની પ્રજા બગડેલી લાગે છે.

**દાદાશ્રી :** અને તમારા દાદાના વખતે, દાદા તમારા માટે શું કહેતા હતા ?

**પ્રશ્નકર્તા :** હમણાં મેં કહ્યું એવું જ કહેતા હતા.

**દાદાશ્રી :** આપણે બજારમાંથી રૂપાળી મજાની દૂધી લાવ્યા હોઈએ ને શાક તો કરવાનું જ છે, એટલે કાપવી તો પડે જ ને ? અને કાપીએ ત્યારે કહેશે, 'ના કાપશો, એનો રૂપાળો દેખાવ બગડી જશે.' અને શાક ખાવું હોય તો પેલો દેખાવ છોડવો જ પડશે. ભારત જો ડેવલપ થયું હોય તો કોઈ કાળમાં નથી થયું એવું ડેવલપ થવા માંડ્યું છે. આ તો બધા સાવ અનાચારી ને દુરાચારી હતા, સેકડે પાંચ ટકા કે બે ટકા લોક સારા નીકળે. બાકી, બધા વહેમમાં ને આખો દા'ડો ક્લેશ, કંકાસ ને તિરસ્કારમાં જ ગાળતા. આખો દા'ડો તિરસ્કાર કરે; નીચલી વર્ણો પર તિરસ્કાર કરે, બીજા પર તિરસ્કાર કરે. પોતાના ભાઈનો જો કદી જરાક આચાર ઓછો દેખાય ને, તો તેની ઉપર તિરસ્કાર કરે. શિષ્યનો આચાર ઓછો દેખાય તો તેની ઉપર તિરસ્કાર કરે; જ્યાં ને ત્યાં તિરસ્કાર કરે. બહુ બગડી ગયો હતો આ દેશ !

જૂના જમાનાની પ્રજાએ નીચલી વર્ણ પર ભયંકર અત્યાચારો કર્યા. બહુ સંસ્કાર ખરાબ અને જો તિરસ્કાર, તિરસ્કાર, હરિજન ઉપર, બીજા બધા ઉપર તિરસ્કાર, તિરસ્કાર, તિરસ્કાર અને આ કૂતરું ઘરમાં પેસી જાય છે ને, તેનો વાંધો નથી, પણ આ હરિજન ગામમાં પેસે તેય હરકત તને પડી ! ત્યારે કહે, 'પાછળ ઝાડુ બાંધો, એના પગલા પડે છે ને !' તે એ ભાઈ ચાલે તેની પાછળ ઝાડુ ચાલે એટલે પેલા પગલા ભૂંસાઈ જાય, અને 'આગળ કોડિયું બાંધો', કહે છે. તે અહીં કોડિયું બાંધતા'તા, થૂંકવું હોય ને નીચે થૂંકાય નહીં. ત્યારે મૂઆ, બિલાડીઓ તમારા ઘરમાં ફરે છે, તમારા રસોડામાં ફરે તોય ચલાવો છો ને આ નથી ચલાવતા ? બિલાડીઓ દહીંમાં મોઢું ઘાલ્યું હોય ને, તોય મૂઆ દહીં ખાય છે. જાણે છે કે આ બિલાડીએ ચાખ્યું. કઈ જાતના લોક છે તે બધા ! તમારો ન્યાય કઈ જાતનો ? આ તો 'કરપ' કરાવે ! મારા જેવા હાજરજવાબી હોય ને, તો તે માથું ફોડી નાખે એવો જવાબ આપે કે આ કૂતરાંને થૂંકવાની ને બીજી બધી છૂટ, એના પગલા ચાલે અને આ માણસના ના ચાલે ? આ કઈ જાતના મેન્ટલ થઈ ગયા છો ? આ તો એક્સેસમાં (વધારે પડતું થઈ) ગયું હતું.

દુરાચાર એટલો બધો વધી ગયો હતો કે પાર વગરનો દુરાચાર થઈ ગયો હતો. એના કરતાં આજનો આ દુરાચાર સારો ! આ ખુલ્લા દુરાચાર કહેવાય. દેશ જ આખો એવો થઈ ગયો હતો અને તેના આ કષ્ટ પડેલા છે, દેશને ભયંકર કષ્ટો પડ્યા છે.

અત્યારની પ્રજામાં જે સુધારો થતો દેખાય છે, તેનાથી પાછલા લોકોના જેવો બગાડ ઓછો થવા માંડ્યો છે. એમનામાં જે જંગલીપણું હતું એ ગયું ને બીજું જંગલીપણું ઉત્પન્ન થયું. પાછલા લોકોને આ ના ગમ્યું. જૂના જમાનામાં તો નર્યો તિરસ્કાર હતો. બિલકુલ બગડેલા જેવી થઈ ગઈ હતી હિન્દુસ્તાનની દશા, જેને ધર્મિષ્ઠ જ ના

કહેવાય. કારણ કે વિચાર્યા વગરની વાત હતી. આખો લોટ 'કેળવાયેલો' જ નહોતો, એમ ને એમ ભૈડીને લાડુ બનાવી દીધા ! બસ, એમ ને એમ કેળવ્યા વગર; આ કેળવાય છે અત્યારે. અત્યારના છોકરામાં 'આવું' દેખાય છે, પણ તે કેળવાય છે. હંમેશાંય જ્યારે ખરી કેળવણી ઉત્પન્ન થાય ને, ત્યારે આવું થાય.

## આગે સે ચલી આઈ

જૂની પેઢીવાળા છોકરાંઓ જો કે કચકચ કરતા હોય તો હું એને પૂછું કે તમે નાના હતા ત્યારે તમારા બાપ કશું તમને કહેતા હતા કે ? ત્યારે કહે, 'બાપાય કચકચ કરતા હતા.' એ બાપાને પૂછીએ, 'તમે નાના હતા ત્યારે ?' તો કહે, 'અમારા બાપાય કચકચ કરતા હતા.' એ 'આગે સે ચલી આયી છે.'

અમે જ્યારે નાની ઉંમરના હતા ત્યારે બધા ઓલ્ડ (ઉંમરવાળા) લોકો શું કહે, 'એય બગડી ગયા, બગડી ગયા !' હું પૂછું પાછો તેમને, કે 'તમને તમારા દાદા શું કહેતા હતા ?' આ તો જંગલીપણું છે, આવું અનાદિકાળથી જંગલીપણું ચાલ્યું છે. પોતે કર્યું એવું કરો, એવું એ કહે છે, હું જે કૂવામાં પડું એ કૂવામાં તમે પડો. અલ્યા, હવે એ કૂવામાં નથી પાણી, મોટા મોટા પથરા છે, સાપ છે. હવે પડું તો મરી જાઉ. પહેલા તો પાણી હતું, હવે એને એ જ કૂવામાં પડો, એમ કહે છે. વૈષ્ણવના ને જૈનના ને ફલાણા જ કૂવામાં પડો, હવે ક્યાં સુધી આ કૂવામાં પડ્યા કરીએ ? કહે કે, 'અમે કર્યું, એ કરો !' અલ્યા, તમારા ડાચાં ઉપરેય નૂર નથી દેખાતું. આખો દા'ડો કષાય, કષાય ને કષાય જ કરે અને જમવા જાય ને, તો એમ જ જાણે કે આજે કો'કને ત્યાં આપણે મફત જમ્યા છીએ, આજે મફતનું મળ્યું છે. ભારતના ડેવલપ માણસો કો'કને ત્યાં જમવા જાય ત્યારે એમને જ્ઞાન હાજર થઈ જાય, કે 'આજે ફ્રી જમવાનું છે. તે બરોબર સારી રીતે જમજો.' આ આપણા ડેવલપ્ડ ઘૈડિયા બધા ! આ લોકો બધા ડેવલપ હતા, તેય કેટલાક તો જમવા બોલાવ્યા હોય ને, તો દોઢ-બે દિવસ અગાઉથી તો ભૂખ્યા રહે, ઘરનું બગડે નહીં એટલા માટે. અને જમવા બેસે તો બે દિવસ સુધી જમવું ના પડે એટલું બધું ફુલ જમી લે. એટલે એમ જ સમજે કે હું મફતનું ખાઉ છું, ફ્રી ઓફ કોસ્ટ ! એટલે દાનત કેટલી ચોર છે ! અને એના દુઃખ ભોગવ્યા છે.

## જૂની પ્રથામાં દેશની દશા, દોષ કોનો ?

કોઈ સ્ત્રી વિધવા થઈ એટલે એના તરફ તિરસ્કાર, તિરસ્કાર ને તિરસ્કાર ! વિધવા પર તો જંગલી માણસેય તિરસ્કાર ના કરે, કે બિચારી વિધવા થઈ એટલે એની આજુબાજુના અવલંબન તૂટી ગયા. અવલંબન તૂટી ગયા એટલે આ બિચારી બધી રીતે દુઃખી છે. મૂળ ધણીના આધારે સુખ હતું તેય પણ જતું રહ્યું છે, તો તેની ઉપર બધાએ કરુણા રાખવી જોઈએ. પણ તેની ઉપરેય ભયંકર તિરસ્કાર આ લોકોએ વરસાવ્યો. વળી, વર્લ્ડમાં ક્યાંય ના હોય એવો હરિજનો ઉપર તિરસ્કાર કર્યો. બીજે બધે તિરસ્કાર, સગો ભાઈ હોય તો તેની ઉપર તિરસ્કાર - ભયંકર તિરસ્કાર કર્યો. હવે, આને સુધરેલો દેશ જ કેમ કહેવાય ?

રાંડેલીઓને જે હેરાન કરી હતી, તે આજે તે બધાને ઘેર છોકરીઓ ઉત્પન્ન થઈ ને એ છોકરીઓએ ડાયવોર્સ લઈને જે ધૂળધાણી... તોફાન માંડ્યા છે, તે એના બાપને માર માર્યો છે. એ રાંડેલીઓએ જ આ બધાને પજવ્યા છે ! મારે ત્યાં કેમ આવીને પજવતી નથી ? હું હતો નહીં એવો.

રાંડેલી બઈ ઉપર તમે જોયેલો તિરસ્કાર ? તમને અરેરાટી નહોતી થતી ? બહુ જ જબરજસ્ત

તિરસ્કાર અને હું તો વિરોધી પાછો, કડક. કડક ને વિરોધી. મને તો પોષાય નહીં આ તિરસ્કાર ! બહુ તિરસ્કાર ! રાંડેલી એ તો ગંગાસ્વરૂપ કહેવાય, એનું નામ કેમ દેવાય ? પાછા કહે શું ? ગંગાસ્વરૂપ. અને રાંડેલી સામે મળે તો કહે, કે 'મને અપશુકન થયા, સારું કામ કરવા જતો હતો ને મને અપશુકન થયા !' આવા જંગલી ! આવા જંગલીને તો ફાંસીએ ચઢાવવા જોઈએ. પણ ભગવાને શું કહ્યું, કે 'તમે ફાંસીએ ના ચઢાવશો, આ અધિકાર તમારા હાથમાં લેશો નહીં.' નેચરલ (કુદરતી) નિયમ જ છે. નેચર (કુદરત) કહે છે, કે 'એવાને અમે ફાંસીએ લઈ લઈએ છીએ જ, અમારો નિયમ જ છે. એ અધિકાર તમે લેશો નહીં.' અને આજે બહુ કષ્ટો સેવી રહ્યા છે ! આ બધા જે સેવી રહ્યા છે એ પોતાના જ કષ્ટો સેવી રહ્યા છે. અને આ તો ડેવલપ થઈ રહેલ છે, અંડર ડેવલપ નથી. છતાં આપણે વાત આચારની કરવી જોઈએ, કે 'બહેન, ઉંમરલાયક થયા, આ જગત ફસામણવાળું છે. જો તમને સુખ જ જોઈતું હોય તો વિચારીને પગલાં મૂકજો ને પગલાં મૂકો તો અમને પૂછજો. પૂછવામાં વાંધો નહીં ઉઠાવું, પૂછજો અને સલાહ તરીકે.' આ વકીલની સલાહ લઈએ છીએ તો શું વકીલ કરતાં બાપ ગયો ? વકીલ કરતાં તો બાપ ઉપર વધારે વિશ્વાસ હોય ને ?

હિન્દુસ્તાન સુધરેલું નહોતું, મનમાંથી કાઢી નાખવા જેવું હતું, પોઈઝનસ હતું બધું, ઝેરી હતું બધું. આ દેશની દશા તો જુઓ કેવી થઈ ગઈ ! પણ તેમાં કોઈનો દોષ નહોતો. માણસ કોઈ દોષિત હોતું નથી. એવિડન્સ (પુરાવાઓ) ઊભા થાય છે, એમાં સરકમસ્ટેન્સિસ (સંજોગો) ઊભા થાય છે. હવે આ ફેરફાર થવા માંડ્યો છે.

### નિંદાથી આપણો દેશ ખલાસ

આ આપણો દેશ ક્યારે પૈસાવાળો થશે ? ક્યારે લક્ષ્મીવાન અને સુખી થશે ? જ્યારે નિંદા અને તિરસ્કાર એ બંધ થઈ જશે ત્યારે. આ બે બંધ થયા કે દેશમાં નર્યા પૈસા ને લક્ષ્મી પાર વગરની થાય !

આ હિન્દુસ્તાનમાં નિંદા અને તિરસ્કાર ઘટવા માંડ્યા છે અને લોભ વધ્યો છે. સુખનો લોભ લાગ્યો છે તેથી હિન્દુસ્તાનનું સારું થવાનું છે. આ લક્ષણ પરથી હું સમજી જઉં. ભલે ને જરા મોહ વધશે, પણ બીજું નિંદા-તિરસ્કાર બધું ઘટશે ને !

આ કુદરત આપણા 'હેલ્પ'(મદદ)માં છે એ વાત નક્કી છે. માટે આ વાત બહુ સમજવા જેવી છે. શાથી લોકો દુઃખી હતા, તે મેં ખોળી કાઢ્યું અને અત્યારે ગામડાવાળા શાથી દુઃખી છે ? હજી આ નિંદાના જ ધંધામાં પડેલા છે. આજના આ જીવડાં (લોકો) તો કશુંય ના હોય તો એય રેડિયા-ટી.વી.ના મસ્તીમાં ને મસ્તીમાં રહે ! આ લોકો કોઈની નિંદામાં ના પડે. એ તો ટી.વી. જુએ, બીજું જુએ, ફલાણું જુએ, તેય પોતાની આંખો બગાડીને, કંઈ લોકોની આંખો ઓછી બગાડે છે ? પોતાની જ જવાબદારી ને ! આપણો આખો દેશ નિંદાથી, ભયંકર નિંદાથી ખલાસ થઈ ગયો હતો. શાસ્ત્રકારોએ નિયમ કહેલો છે કે અવશ્ય ટીકા કરજો. ટીકા નહીં કરો તો મનુષ્યો પાછા નહીં ફરે. એ ટીકાનું 'એક્ઝેગરેશન' (વધારે પડતું) થઈ ગયું અને તેની નિંદા આવી ગઈ ! જે વિટામિન હતું તેનો જ નાશ કર્યો !

### પહેલા તો ક્ષત્રિય લોહી ઉકળી ઊઠે

મારી નાની ઉંમરમાં મારો દ્વેષ જોયો હોય તો તમે એમ કહો, કે આ માણસ તો કદી જ્ઞાની જ નહીં થાય, એવો દ્વેષ ! મારું જરા અપમાન કર્યું હોય તો એનું આવી બન્યું જાણો. રાવજીભાઈ

તો કાલે કહેતા'તા ને, ''તમારું ધાર્યું ના થાય તો મારી નાખો કો'કને !''

**પ્રશ્નકર્તા :** 'જિદ્દી ખરા', એવું કહે.

**દાદાશ્રી :** 'હવે પંદર વરસથી તમે સંત થઈ ગયા છો', એવું એ કબૂલ કરે. એટલે પહેલા બહુ દ્વેષ મારામાં. અને મને તો રાતે અપમાન કર્યું હોય ને, તો સવારે હું ખોળતો હોઉ, ક્યાં રહીને (ક્યારે) આવશે અને ક્યાં રહીને (કેવી રીતે) પકડીએ ! એને અદ્ધર ઉડાડી દેવાનું મન થાય. એ બ્લડ (લોહી) આખું ગરમ તપી જાય આમ. જો કોઈ સહેજ એ કરે ને, તો બ્લડ તપી જાય. આ અત્યારે ના તપે. બેએક મારે ને, તોય ના તપે. તે દહાડે તો બ્લડ તપી જાય, એક સહેજ અપમાન કર્યું હોય તોય. મૂળ ક્ષત્રિય સ્વભાવ જાય નહીં ને ! ઉડાડી મેલું એવો દ્વેષ ! ભયંકર દ્વેષ ! અને આમને (નવી પેઢીને) દ્વેષ ના જોઈને મને અજાયબી... આશ્ચર્ય થયેલું, કે આ કઈ જાતના છે ! ડેવલપ્ડ ને ?

**પ્રશ્નકર્તા :** ડેવલપ્ડ.

**દાદાશ્રી :** અને આમને દ્વેષ ના જોઈને મને છાપ પડી ગયેલી, કે હારું આ જન્મતા, શિખવાડ્યા વગર દ્વેષ વગરના થયા શી રીતે ? આવી 'નોબિલિટી' (ઉદારતા) ક્યાંથી હોય ?

## ઓગળે ગાંઠો, સત્સંગથી જ

આ જનરેશન (પેઢી) બહુ ગાંઠો નથી લાવી. મોહની જ ગાંઠો છે. લોભની કે એવી તેવી ગાંઠ નથી. તે તમારા છોકરાને જોતા હશો ને ?

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ગાંઠો બીજી નથી ને ? આ આજની જનરેશન બધી ગાંઠવાળી નહીં. અમારી આગળની જનરેશનો બહુ જ ગાંઠોવાળી ! લોભની ભારે ગાંઠો ! એટલા હારુ ચોરી કરે, જૂઠું બોલે, લુચ્ચાઈ કરે, બધું જ કરે, પેલી ચોરી નહીં. પકડાય છે એવી ચોરી નહીં. માનસિક બુદ્ધિથી ટ્રિકો લડાવે. પેલી ચોરી કરતાં આ ચોરી ખોટી કહેવાય. પકડાયો નથી એટલું જ.

સત્સંગમાં રહીએ તો જ ગાંઠો ઓગળે. નહીં તો સત્સંગમાં હોઈએ નહીં ત્યાં સુધી ગાંઠોની ખબર પડે નહીં. સત્સંગમાં રહીએ એટલે પેલું નિર્મળ થતું દેખાય. આપણે છેટા રહ્યા ને ! બહુ છેટા રહીને જોઈએ નિરાંતે. એટલે આપણને બધા દોષ દેખાય. પેલું તો ગાંઠોમાં રહીને જોઈએ છીએ, તે દોષ ના દેખાય. તેથી કૃપાળુદેવે કહ્યું, 'દીઠા નહીં નિજ દોષ, તો તરીએ કોણ ઉપાય ?'

## એબોવ નૉર્મલ-બિલો નૉર્મલ ઈઝ ધ પૉઈઝન

હવે આ હિન્દુસ્તાન ઊંચી જાતનું રહ્યું છે, અજાયબ સ્થળે જઈ રહ્યું છે વર્લ્ડમાં આજે ! હિન્દુસ્તાન વર્લ્ડમાં અજાયબ સ્થળે જઈને ઊભું રહ્યું છે ! નહીં તો મોક્ષની વાત કરવાની હોય ? મોક્ષ તો લખવા માટે નહોતો, કોઈને મોક્ષ લખવાનોય અધિકાર નહોતો. આ બધા (ઉપદેશકો) હતા ને, તે ઓવરવાઈઝ (દોઢ ડાહ્યા) થઈ ગયેલા હતા; તેમાં બે-પાંચ એકસેપ્શન (અપવાદ) કેસ હોઈ શકે ખરા ! બાકી તો ઓવરવાઈઝ એટલે ચણતરનાય કામમાં ઈંટ કામ ના લાગે તેવી, ડિફોર્મ (વિકૃત) થઈ ગઈ હોય તેવી ખેંગાર ઈંટ જેવા ! ઓવરવાઈઝ છે તેને ખેંગાર કહેવાય. ઈંટ કાચી હોય, તે અંડરવાઈઝ.

ભગવાનને ત્યાં તો ડહાપણ સુધીની જરૂર, તે બધું ઓવરવાઈઝ થઈ ગયું હતું અને જાનવર કરતાય ભૂંડા આચાર થઈ ગયા છે. કારણ કે જાનવરમાં દુરાગ્રહ ના હોય, કદાગ્રહ ના હોય, હઠાગ્રહ ના હોય. તે મનુષ્યમાં તો હોવા જ ના જોઈએ. અને હોય તો અમુક પ્રમાણ હોય ત્યાં

સુધી મનુષ્યપણું છે, કારણ કે ડેવલપ્ડ છે. એટલે જાનવરો કરતાં આમનામાં આગ્રહ વિશેષ હોય, તેનું પ્રમાણ જળવાય ત્યાં સુધી બરોબર છે, નહીં તો પછી જાનવર કરતાંય ભૂંડા કહેવાય. આને મનુષ્યપણું કેમ કહેવાય ? ખોટી પકડો પકડવી, ખોટા દુરાગ્રહ, ખોટા કદાગ્રહ, પોતાના જ વિચારોથી ધર્મને માનવો અને મૂલવવો. ધર્મ તો કેવો હોવો જોઈએ ? નાના બાળક પાસેથી પણ જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ, જાનવરો પાસેથી પણ જાણવાનો પ્રયત્ન જોઈએ કે આનામાં કેવા કેવા ગુણ છે !

આ કૂતરાને એક જ દા'ડો પૂરી આપી હોય, તે ત્રણ દા'ડા સુધી આપણને જ્યારે દેખે ત્યારે પૂંછડી હલાવ હલાવ કર્યા કરે. એમાં હેતુ લાલચનો કે ફરી આપે તો સારું - પણ એ ઉપકાર તો ભૂલતો નથી ને ! એ ઉપકારને લક્ષમાં રાખીને લાલચ રાખે છે, ને મનુષ્યો ? ગમે તે હો પણ આજે તો આ ભારત ડેવલપ થયું છે, નહીં તો મોક્ષની તો વાત સાંભળવાની હોય ? અરે, સમકિતનું જ ઠેકાણું નહોતું ને ! આજે બબ્બે હજાર વર્ષથી ઠેકાણું નહોતું, મહાવીર ગયા પછી અને તેમના પહેલાય નહોતું. ભગવાન જન્મ્યા ત્યારે ૨૫૦ વર્ષના કાળમાં બે વખત લાઈટ ઝબકી ગઈ, પાર્શ્વનાથ ને મહાવીર - બે. તે વખતે અમુક માણસનું બસ કામ નીકળ્યું, બીજા કોઈને લાભ-બાભ મળેલો નહીં. ભગવાનનો લોકોએ પ્રભાવ તોડવા બહુ બહુ ઉપાય કર્યા. ભગવાન ચાલે ત્યાં આગળ કાંટા આમ ઊભા રસ્તામાં વેર્યા. તે બાવળિયાના કાંટા આમ ઊભા મૂક્યા હોય ને ભગવાન ચાલે તો કાંટા આમ વાંકા થઈ જાય ! પ્રત્યક્ષ દેખાય છતાં પણ હિન્દુસ્તાનના બીજા ધર્મ (સંપ્રદાય)ના લોકોએ તેમનો સ્વીકાર કર્યો નહીં. કહેશે, 'આ તો જાદુ છે, આ વિદ્યા છે' એવો સ્વીકાર કર્યો. પણ સત્યનો સ્વીકાર ના કર્યો. આવો ગજબનો સાયન્ટિસ્ટ તેનો સ્વીકાર ના કર્યો ! બહુ જ જંગલીપણું. પ્રપંચ ! પ્રપંચ ! પ્રપંચ ! ધર્મમાં જ વેપાર કરેલા! વેપાર ક્યાં શરૂ કરી દીધેલા ? ધર્મની અંદર જ વેપાર ! એટલે આવું જે જૂનું ડેવલપમેન્ટ (વિચારધારા) હતું, તે કાઢી નાખવા જેવું હતું. તે બિલકુલ ખલાસ થઈ ગયેલું સ્ટ્રક્ચર (માળખું) છે. એને પડી જવા દો, નવું ઊભું થઈ રહ્યું છે ! નહીં તો મોક્ષની વાત તો સાંભળવા જ ના મળે !

જેમ જેમ આ કલ્ચર્ડ થતું (સુધરતું) જશે, તેમ તેમ એ પુસ્તકો ઊંચે મૂકી દેશે, પસ્તીમાં જતા રહેશે. કારણ કે જ્યાં સુધી ડેવલપ ના હોય ત્યાં સુધી એની કિંમત. ગીતાને સમજવાવાળા અને વેદાંતને સમજવાવાળા નીકળશે હવે ! હવે ડેવલપ થઈ રહેલ છે, આમાં નિમિત્ત બન્યા છે અંગ્રેજો. આ સારી બાબતમાં અંગ્રેજો નિમિત્ત બન્યા છે.

**પ્રશ્નકર્તા :** તેમણે જ્ઞાનનો ઉઘાડ કર્યો ?

**દાદાશ્રી :** ના, જ્ઞાનનો નહીં. પણ લોકો જે એબ્નોર્મલ (અસામાન્ય) થઈ ગયા હતા તેમાં બેકિંગ લેવડાવ્યું, તે નોર્માલિટી (સામાન્ય) ભણી લાવ્યા ! આપણા લોકોએ શું કહ્યું, કે 'આ લોકો આપણો ધર્મ ને આપણા આચાર નષ્ટ કરવા આવ્યા.' તે એમણે એટલો નષ્ટ કર્યો તેથી તો આ નોર્માલિટી પર આવી રહ્યા છે. આપણા લોકો શી બૂમો પાડતા હતા ? આ લોકો ધર્મ ને આચાર બધો તોડી નાખશે ને આપણું બધું ખલાસ કરી નાખશે ! ના, એટલું બાદ કર્યું. ૮૫ ડિગ્રી એબ્નોર્મલ પ્રમાણ થઈ ગયું હતું ને આપણને નોર્માલિટી માટે ૫૦ ડિગ્રી જોઈએ, તે આ લોકોએ આવીને ૩૦-૩૫ ડિગ્રી કાઢી નખાવ્યા, જડ બનાવ્યા. જડ એટલે દારૂ પીતા શીખવાડ્યું, માંસાહાર કરતાં... કપડાં-લત્તાં ને બધું મોહી બનાવ્યું, એટલે 'પેલા' દુર્ગુણો જતા રહ્યા !

આવું ડિપ્રેશન કરવા માટે મહાવીર કહી ગયા છે ? વીતરાગ શાને માટે કહી ગયા છે ? એબોવ નોર્મલ ઈઝ ધ પોઈઝન અને બીલો નોર્મલ ઈઝ ધ પોઈઝન. બધી બાબતમાં એબોવ નોર્મલ થઈ ગયા હતા. નર્યો દ્વેષ, દ્વેષ ને દ્વેષ અને દુરાચારનોય પાર નહોતો. જે તિરસ્કારના દુર્ગુણો હતા ને, તે ખલાસ થઈ ગયા, ફ્રેક્ચર થઈ ગયા. એ બહુ સારામાં સારું કામ કર્યું આ લોકોએ.

## અંગ્રેજોનો એક ઉપકાર

અંગ્રેજો આવ્યા ને એમની ભાષા લાવ્યા, તે એમના પરમાણુ સાથે આવે. હંમેશા દરેક ભાષા પોતાના પરમાણુ લઈને આવે. એટલે એમના જે ગુણો હતા ને, સાહજિક ગુણો, ટાઈમ-બાઈમ બધું એક્ઝેક્ટ જોઈએ, તે સાહજિક ગુણો નવેસરથી ચાલુ થઈ ગયા. આ તો બધા સ્વાર્થી થઈ ગયેલા. પોતાના ઘર પૂરતી જ ભાંજગડ, બીજા બધાના ઘર બળતા હોય તો સૂઈ રહે મઝાના. પ્રપંચી, સ્વાર્થી ! બધી રીતે તિરસ્કારવાળા, યુઝલેસ (નકામા) થઈ ગયા હતા.

બ્રાહ્મણો કહેતા હતા, કે 'ભગવાનનું મુખ અમે છીએ ને આ ક્ષત્રિયો છાતી સુધી છે અને આ બધા વૈશ્યો ને આ બધા શૂદ્રો છે, તે નીચલા છે !' દુરુપયોગ ને દુરુપયોગ જ કર્યો ! જેનો સદુપયોગ કરવાનો હતો, તેનો જ દુરુપયોગ કર્યો. અમે બ્રાહ્મણો એટલે મુખારવિંદ, એટલે અમે જે કહીએ એનો વાંધો તમારે ગણવાનો નહીં. તે એમણે એ પાવર-વીટો પાવર વાપર્યો, તેને લઈને તેઓ ભયંકર યાતનામાં સપડાઈ ગયા. આ પ્રજાનું તો જે થવાનું હશે તે થશે, પણ એ વીટો વાપર્યો, તેને લઈને આજે તેમના પગમાં ચંપલ નથી મળતા ! એમની વેલ્યુ (કિંમત) પણ જતી રહી ને ચંપલ પણ જતા રહ્યા ! બેઉ સાથે જતા રહ્યા ! દુરાચારોને લઈને તેમની દશા તો જુઓ !

લાલચુ છે એનો માર ખાય છે આ જગત. લાલચ શી હોવી જોઈએ માણસને ? લાલચ દીનતા કરાવરાવે ને દીનતા પેઠી કે મનુષ્યપણું ગયું.

છોકરીઓ જન્મે ને તરત જ દૂધ પીતી કરતા, મારી નાખતા. રજપૂત પ્રજામાં કેવું હતું ? છોડીને પૈણાવતી વખતે દહેજ આપવો પડતો, એ ગમે નહીં, ને મૂળમાં ભણેલા નહીં, અનપઢ - બાઈઓય અનપઢ ને ભાઈઓય અનપઢ, અને પોતાની જાતને શુંય માને ? આ તો બીજા પર બહુ કરપ કર્યા.

ગામમાં ઠાકોર હોય ને એનો પિતરાઈ હોય તો એણે ઘોડા પરથી જવાનું નહીં, ઊતરીને ચાલતા ગામમાં જવું પડે ! એમાં ઘોડો ને બેઉ સાથે જાય તો એમાં તારું શું જાય છે ? આ તો કયો મોટો તમારો અહંકાર ઘવાયો ? જો ઘોડા પર જાય તો મારામારી ને ખૂન સુધી આવી જતા !

આમને આર્યપુત્ર કેમ કહેવાય ? છાસિયું સોનું ને સાચું સોનું બે હોય, એમાં છાસિયા સોનામાં સોનાના ગુણ ના જણાય તો એની કિંમત શી ? આ તો એક હિન્દુસ્તાનીમાં અનંત શક્તિ છે, પણ બધી અવળી વેડફાઈ રહી છે. એ તો 'જ્ઞાની પુરુષ'ને ભેગા થાય તો શક્તિ સવળિયે વળે ને કામમાં લાગે. આ શક્તિ વેડફી કેવી રીતે ? એક મેઈન્ટેનન્સ માટે અથાગ શક્તિ વેડફી ! અને એય કલુષિત ભાવે ભયંકર શક્તિ વેડફી ! અને આ ભાઈ આઈ.એ.એસ. કરે છે તો હુંય નક્કી કરું કે મારે આઈ.એ.એસ. થવું છે, એમ નકલો કરી કરીને શક્તિ વેડફી. આ નકલ કરવાથી તો અંદરની સિલક હતી તેય જતી રહી. હિન્દુસ્તાનના લોકોએ તો કો'ક અસલ લખી આવે ને, તો આપણે તેની નકલ ના કરવી જોઈએ. આપણને નકલનું ના હોય, પણ આ તો ફોરેનવાળા (વિદેશીઓ)

આપણી નકલ કરી જાય એવું હોવું જોઈએ. પણ આ તો ફોરેનવાળાએ અહીં થોડા હિપ્પી મૂક્યા, તે અહીંના લોકોએ એની નકલ કરી નાખી ! તો પણ તેથી કંઈ હિન્દુસ્તાનનું બગડવાનું નથી, સુધરવાનું જ છે.

આ મોહી છોકરીઓ ખરી ને આજની, તે તેમને જોઈને લોકોને એમ લાગે છે કે આ છોકરીઓ મોહી છે, મૂર્છિત છે, પણ આમને પેટે બાબા સારા પાકવાના.

**પ્રશ્નકર્તા :** એનું શું કારણ, દાદા ?

**દાદાશ્રી :** પેલો તિરસ્કાર ભાગ જતો રહ્યો ને, ડાઉન થઈ ગયો ને, એટલે હવે તિરસ્કાર ભાગ ઉત્પન્ન ના થાય. તિરસ્કાર ગયા કે આપણે નોર્મલમાં આવી ગયા. સુધરેલા તો હતા જ પણ તિરસ્કારને લઈને આપણે બિલકુલ ખલાસ થઈ ગયા હતા, યુઝલેસ થઈ ગયા હતા. તિરસ્કાર ગયો કે આપણી નોર્માલિટી આવી ગઈ, ઓલરાઈટ (બરાબર) થઈ ગયા.

બુદ્ધિનો ઉપયોગ જ એ લોકોએ તિરસ્કાર અને પ્રપંચ કરવામાં વાપર્યો. બુદ્ધિનો દુરુપયોગ કર્યો, જ્ઞાન તો હતું નહીં. બુદ્ધિ હતી, તે બુદ્ધિનો દુરુપયોગ કર્યો. બુદ્ધિ શાથી વધી ? મહાવીર બ્રેઈન ટોનિક પીધા, ને કૃષ્ણ બ્રેઈન ટોનિક પીધા ! જીવડાં મારે નહીં ને બીજું મારે નહીં એટલે પછી બુદ્ધિ વધે. પછી જીવડાં બાજુએ મૂકી મનુષ્યો ઉપર એટેક (હુમલો) લઈ જાય !

હવે હિન્દુસ્તાન તો બહુ સુંદર દશા ઉપર જઈ રહ્યું છે. આ સંસ્કૃતિનો પ્રલયકાળ છે. કઈ સંસ્કૃતિ ? આદર્શ સંસ્કૃતિ ? ના, વિકૃત સંસ્કૃતિનો પ્રલયકાળ છે. આપણી સંસ્કૃતિમાં સંસ્કૃત ભાષા હતી, તે બહુ લો થાય, ઊતરી જાય, તો પ્રાકૃત સુધી ચલાવી શકાય, પણ વિકૃત ના ચલાવી લેવાય. આમાંથી ફાયદો શો થયો ? આવા તેવા જે વિકૃત સંસ્કાર હતા ને, તે વોશ આઉટ થઈ (ધોવાઈ) ગયા અને હવે નવેસરથી નવી વાત ! નવી ચીજ ને બધું નવું જ ચાલશે અને ઓર જ જાતની અજાયબી ! ભગવાન મહાવીરના વખતમાં હતી તેવી શાંતિ વર્તશે ! અને આજના આ વાળ વધારનારા ગાંડા, તે જ ડાહ્યા કહેવાશે. જેને 'ઘનચક્કર' કહેવામાં આવે છે, તે જ ડાહ્યા થઈને ફરશે.

આજના છોકરાંઓએ તો ઊલટા વાળ વધારીને ઓપન કર્યું, કે વાળ જે કપાવે છે તે મેન્ટલ હોસ્પિટલના લોક છે અને અમે મેન્ટલ હોસ્પિટલની બહારના છીએ અને મેન્ટલ હોસ્પિટલના લોકો આમને કહે પાછા, કે 'આ મેન્ટલ છે !' માટે હિન્દુસ્તાનને કોઈ ખોટ જવાની નથી. આ 'જ્ઞાની પુરુષ'ના આશીર્વાદ છે.

## કુદરતમાં બુદ્ધિ ના નાખો

ધ વર્લ્ડ ઈઝ ધી પઝલ, ઈટસેલ્ફ પઝલ થયેલું છે. તેમાં આ લોકો શું એનું માપ કાઢી શકવાના હતા ? આ લોકો આ પઝલનું માપ કાઢ કાઢ કરે છે. કહે છે કે '૧૯૭૪માં વસતિ આટલી છે તો ૨૦૦૦માં આટલી થઈ જશે !' અરે ! ચક્કર, ઘનચક્કર ! પહેલી સાલ એક છોકરું હતું, ત્રીજી સાલ બીજું થયું એટલે ૮૦ વર્ષની ઉંમરે તો ૩૦-૪૦ થઈ જશે ? શું કાઢે છે હિસાબ ? મેર ગાંડીયા, ચક્કર છો કે શું ? કેલ્ક્યુલેશન ના કઢાય, મનુષ્યોના અને આ બધા ગણિત કાઢવા બેઠા છે, એ બધા ઘનચક્કરો છે. છોકરો પાંચ વર્ષનો હતો ત્યારે સવા બે ફૂટનો હતો ને સોળ વર્ષે પોણા પાંચ ફૂટનો ઊંચો છે, માટે ૮૦ વર્ષે આટલો ઊંચો થઈ જશે ! હે ઘનચક્કરો, હિન્દુસ્તાનના મનુષ્યોનું શું કરવા તોલ તોલ કરો છો ? બે હજારમાં આમ થઈ જશે ને ત્રણ હજારમાં આટલા થઈ જશે. જો તમે ૨૦૦૦માં આટલા થઈ જશે

એમ કહો છો તો આજથી પાંચ હજાર વર્ષ ઉપર કેટલા હતા એ કહી આપો ને ! જો તમને આ ગણતરી કાઢતા આવડતી હોય તો કહી આપો કે ત્યારે કેટલા માણસ હતા ! ત્યારે એ કહે, કે 'એ અમને ખબર નથી.' ત્યારે મેર ગાંડીયા ! તને વહુના ધણી થતા નથી આવડતું, તે વહુને 'બા' કહે જઈને ! ઘનચક્કરો, કેવા પાક્યા છો તે ! તારી વહુને 'બા' કહેજે એટલે તારે ચાલ્યું ! છોકરો 'બા' કહે ને તુંય 'બા' કહેજે, એટલે ધણી-બૈરી ના જોઈએ રસ્તામાં ! ઘનચક્કરો ! વસતિ કાઢવા નીકળ્યા છે, કેલ્ક્યુલેશન (ગણતરી) કરવા બેઠા છે કે ૧૯૮૦માં આટલું ને ૧૯૯૦માં આટલું થઈ જશે ને ૨૦૦૦માં આટલું થઈ જશે ! તે એમને કોઈ પકડનારેય નથી નીકળતા ! સરકારેય એક્સેપ્ટ (સ્વીકાર) કરે છે. આવી વાત જે કરે ને, જે વાત નોનસેન્સ (બુદ્ધિહીન) લાગતી હોય એવાને તો પકડવા જોઈએ અને જેલમાં ઘાલી દેવા જોઈએ. કેમ વાત આવી મૂકે છે ? તો તો પબ્લિક (પ્રજા) ખરાબ થઈ જાય.

હિન્દુસ્તાનનું બગડવાનું નથી અને જે દેશમાં સંત પુરુષો છે, સત્ પુરુષો છે અને પ્રગટ 'જ્ઞાની પુરુષ' છે, ત્યાં આગળ શું બગડવાનું છે ? આ ત્રણની હયાતી હોય ત્યાં કશું બગડે નહીં, ઊલટું બગડેલું સુધરવા માંડ્યું છે. ભયંકર બગડી ગયેલું, હિન્દુસ્તાન જેવો બીજો કોઈ દેશ આ દુનિયામાં આટલી અધોગતિમાં ગયો નહોતો, ભયંકર બગડી ગયો હતો. અનાચારને જ સદાચાર માન્યા હતા ને સદાચારને તો દેશવટો જ દીધો હતો, એક્સ્પોર્ટ (નિકાસ) ! તે હવે એક્સ્પોર્ટ થયેલો ઈમ્પોર્ટ (આયાત) થઈ રહ્યો છે. આ વાળ વધારે છે ને તેથી ! આ વાળ વધારે છે ને, તે ઈમ્પોર્ટ કરી રહ્યા છે ! આ વાળ કાપીને એક્સ્પોર્ટ કરી નાખ્યું હતું.

આખું વર્લ્ડ (દુનિયા) મેન્ટલ (ગાંડાની) હોસ્પિટલ થઈ ગયું છે. તે છોકરા અત્યારે મેન્ટલ જ કહેવાય છે ને ? ત્યારે શું થાય ? આખી હોસ્પિટલ જ મેન્ટલ ત્યાં આગળ 'જ્ઞાની પુરુષ' પણ 'બહારમાં' તો મેન્ટલ જ કહેવાય ને ? આખી હોસ્પિટલ જ મેન્ટલ ત્યારે 'જ્ઞાની પુરુષ' મહીં આવ્યા ને ? કારણ કે 'જ્ઞાની પુરુષ'નો દેહેય મેન્ટલના જમાનામાં જન્મ્યો, માટે મેન્ટલ તો ખરો જ ને ? બધું મેન્ટલ કહેવાય. મેન્ટલ હોસ્પિટલ જ છે આ તો ! તે હવે આ પરિવર્તન આવી રહ્યું છે.

આજના આ જ છોકરાં ડાહ્યા ને સમજુ થઈ એક દા'ડો વાળ કપાવી નાખશે, પછી મેન્ટલપણું ગયું અને આ જે વાળ કપાવીને ડાહ્યાડમરા થઈને ફરે છે અને અનાચારને સદાચાર માને છે ! કેવા ? અનાચારને સદાચાર, ભાષા જ ફેરવી નાખેલી આ લોકોએ ! મેન્ટલ ! અને આખો દા'ડો ઝઘડા, ઝઘડા ને ઝઘડા વગરનું એકુય ઘર નથી. કંઈ ને કંઈ ડખો થયો જ હોય, ત્રણ માણસોમાં તેત્રીસ મતભેદ પડ્યા હોય સાંજે ! અગિયાર-અગિયાર ભાગે આવે ને !

હિન્દુસ્તાન ૨૦૦૫માં આખા વર્લ્ડનું કેન્દ્ર થઈ ગયું હશે ! હવે ૩૧ વર્ષ રહ્યા બાકી. ત્યારે આ છોકરાં ૫૬-૬૦ વર્ષના થશે, ત્યારે એમનામાં મેન્ટલપણું રહેવાનું નહીં. એમના આ લાંબા વાળ હતા ને, તેનાથી એક દા'ડો મેન્ટલપણું નીકળી જશે એટલે એક દા'ડો કપાવી નાખશે. એક છોકરો લાંબા વાળવાળો મોટરમાં મારી આગળ બેઠો હતો. તે મેં એને કહ્યું, કે 'ભઈ, તે એટલા બધા વાળ કેમ વધાર્યા કે જેથી કરીને ઊડીને પાછળવાળાને હરકત થાય ?' જો કે તેના વાળ મને હરકત નહોતા કરતા, પણ મેં સહેજમાં કહ્યું. તે એ છોકરો તરત ને તરત જ વાળ કપાવીને આવ્યો ને મને નમસ્કાર કરી ગયો, ને પાછો એણે દૃઢ નિશ્ચય કર્યો કે ફરી નહીં વધારું !

## પુણ્યૈથી બધું પૉશ પામ્યા

**પ્રશ્નકર્તા :** આજના છોકરાઓને ફક્ત ફેશનની પડી હોય છે. બધા કપડાં ને આ તે બધાના શોખીન હોય છે !

**દાદાશ્રી :** ફેશનનીય નથી પડેલી, મોહી છે આ તો ! એ તો દરજી આમ વાંકું સીવી આપે ને તો એવું પહેરીને ફરે. પણ મોહ, ફેશન નહીં. આ મોહી પ્રજા કહેવાય. આ કાળમાં દરજીએ લોકોને નચાવ્યા છે ! એક ફેરો ટાઈટ કપડાં કરી આપે છે, તો એવાય પહેરીને ફરે છે. એક ફેરો આવડું પહોળું કરી આપે છે તેય પહેરીને ફરે છે. આ તો નોનસેન્સ કહેવાય, પણ આવા છે માટે હિન્દુસ્તાનનું ભલું થવાનું છે. આવાની જરૂરિયાત હતી. પબ્લિક આવી થઈ જવાની જરૂર હતી.

જુઓ ને, આજના છોકરાં આટલા લાંબા વાળ રાખે છે, તે શાથી ? એમના અભિપ્રાયમાં છે કે આ સારું દેખાય છે. અને આ ભાઈને લાંબા વાળ રાખવાનું કહીએ તો ? એમને એ ખરાબ દેખાય. આ અભિપ્રાયોનું જ સામ્રાજ્ય છે. બુદ્ધિએ જેમાં સુખ માન્યું તેના અભિપ્રાય છે.

**પ્રશ્નકર્તા :** આ તો દરરોજ મૂછ કાપવી ના પડે ને, એટલે રહેવા દેવાની.

**દાદાશ્રી :** એનો વાંધો નહીં. મૂછો ના રાખવી હોય તેનોય વાંધો નથી. એ તો સ્વતંત્ર શોખની વાત છે ને ! મૂંડવી કે ના મૂંડાવવી એના શોખની વાત છે ને ! પેલા બાવાઓ તો આવડી આવી મોટી કરીને રાખે છે ને ! એમને ક્યાં પાણી છાંટવું પડે છે !

સત્યુગમાં જે દેવગતિમાં ગયા હતા, તે અત્યાર સુધીમાં દેવલોક ભોગવ્યું, એમનું બેલેન્સ ત્યાં પૂરું થયું એટલે અહીં પધાર્યા પાછા. ખરે ટાઈમે, આપણે નાદારીનો વખત આવ્યો ત્યારે એ પધાર્યા. થઈ ગયા સાદાર ને ! એ પધાર્યા એટલે અત્યારે કામ તો ચાલુ થઈ ગયું ને ! હોય છે રૂપાળા પાછા, એવા કદરૂપા નથી હોતા. આટલા વાળ-બાળ રાખીને ફરે !

સીધા દેવલોકો આવ્યા છે ને અત્યારે એમનો કાળ નિર્માણ થયેલો હોય, તે દહાડેથી જ નિર્માણ થયેલો હોય કે અમુક કાળે જ આ લોકો આવશે. દાદા પધાર્યા પછી જ આવશે. આ બધાનું કામ થઈ જશે. આ તો હજુ આપણું પ્રકાશમાં આવશે ને, ત્યારે આ બધા છોકરાઓ કામ કાઢી લેશે.

આ હવે કશુંય નથી રહ્યું, પણ આ દેવલોકો આવ્યા ખરા, નહીં ? ત્યાંથી છોડ્યા ખરા. પેલા ગાનતાનમાંથી આવેલા ને, એટલે અહીંયે ગાનતાન જોઈએ જ.

**પ્રશ્નકર્તા :** એ જીવો આવે તો જ બધું પ્રકાશમાં આવે ને ?

**દાદાશ્રી :** પ્રકાશમાં આવવા માટે જ આ બધું થયું છે.

વચ્ચે ત્રણ-ચાર પેઢી એવી આવી ગઈ, આ પાછલા એંસીએક વર્ષમાં તે મૂછો કાઢવાની ચાલુ થઈ ગઈ. એ ચારેક પેઢી સુધી ટકી, પછી હવે એ ખલાસ થઈ ગઈ. પાછું નવી જાતનું આવશે ! પાછા થોભીઆ રાખશે, દાઢી રાખશે ને બધા કંઈ જાતજાતના તોફાન ચાલશે ! એક દહાડો નર્યા ફ્રેંચ કટવાળા જ દેખાતા હતા. જ્યાં ગાડીમાં (જાય ત્યાં) બધે જ ફ્રેંચ કટવાળા ! એટલે બધું ફર્યા કરવાનું. આ મૂછો કાઢવાનો નાદ તો આપણા દેશમાં હતો જ નહીં. એ તો ફોરેનનો બધો પેસી ગયો છે, આ યુરોપીયન આવ્યા ને એમનો નાદ આ લોકોને પેઠો છે. પણ આપણા લોકો સુધરી ગયા ને ! પહેલા પારસીઓ સુધર્યા,

પછી ધીમે ધીમે આપણા લોકોય સુધરી ગયા. નહીં તો તો આપણે ત્યાં મૂછો કાઢે ને, એટલે લોક પૂછે કે ભઈ, કોણ મરી ગયું છે ? હું તો નથી જાણતો ? ઓત્તારીની ! આ અપશુકનની વાત થઈ ? હા, કોઈ મરી જાય ત્યારે જ મૂછો કાઢજો, એવું આપણા લોક કહેતા. પણ આ હવે એવું કશુંય રહ્યું નથી. અત્યારે આ વાળ વધારવાની ફેશન ચાલી છે.

પણ આ લોકો પુણ્યશાળી તો ખરા ને ! જુઓ ને ! એમના આવતા પહેલા મકાનો કેવા કેવા બંધાયા ! ઈલેક્ટ્રિસિટી કેવી ઊભી થઈ ! એ બધી કેવી કેવી તૈયારીઓ થઈ ! નહીં તો આ દાદરમાં રહેતા હોય ને, તો સાંજે તો કેટલાય મચ્છરાં કૈડી ખાય ! દાદરમાં તો પાર વગરના મચ્છરાં અને મુંબઈ શહેરમાં જો કદી ઓળખાણવાળાને ત્યાં ભૂલેશ્વરમાં મુકામ કર્યો હોય ને, તો આખો દહાડો સંડાસ ગંધાયા કરતા હોય, એ ચાલીઓ ગંધાયા જ કરતી હોય બળી ! ત્યાં તો ભૂલેચૂકે ના જવાય. એના કરતાં આ મચ્છરો સારા ! બહુ ત્યારે રાતે મોઢાંમાં પેસી જશે ! પણ અત્યારે આ વાળછાવાળા છોકરાંઓ તો, એમણે આવું કશું જોયું જ નથી ! એ જાણતા જ નથી કે અહીં મચ્છરાં હતા. એ લોકોએ (મુંબઈમાં) ભીડ જ બધે જોઈ છે.

### અવસ્થા બદલાતા, જૂની-નવી પેઢીના ઘર્ષણ

એક ફેરો હું ગાડીમાં બેઠો હતો. તે પચ્ચીસેક વર્ષ પહેલાની વાત છે. હું તો ગાડીમાં પેસવા ગયો, ત્યારે બધા છોકરાંઓ આમ સામસામી પગ પર પગ નાખીને બેઠા હતા ને ઊભા રહેવાની જગ્યા નહીં. મેં એક નાની બેગ હાથમાં રાખેલી. આ જ્ઞાન થતા પહેલાની વાત કરું છું. બેગ એવી વાપરું કે ભલે બે મહિના, ચાર મહિના ચાલે તો વાંધો નહીં, પણ એક બેગ ઉપર આપણે બેસવું. એ ચામડાની બેગ તૂટી જાય તો વાંધો નહીં. પણ એની ઉપર બેસવા જોઈએ, આમ ખુરશી જેવું. એટલે ટ્રેનમાં પેઠા ને પછી બેગ મૂકવા ગયો, ત્યારે પેલા છોકરાં કહે, 'કાકા, શું કરવા બેગ ઉપર બેસવા જાવ છો ? બેગ ઉપર બેસતા નહીં ફાવે. તમે અહીં ઊપર બેઠક ઉપર બેસો.' એમાં એક છોકરો ઊઠીને નીચે બેસી ગયો અને મને આટલી જગ્યા કરી આપી. મારે તો બેસવા માટે બહુ થઈ ગઈ. પછી હું બેઠો. ત્યાર પછી મેં છોકરાંઓને કહ્યું, 'અલ્યા, તમને આ ભીડ નથી લાગતી ? તમને કેમ કરીને આ ભીડ ગમે છે ? તમે આ પગ ઉપર પગ નાખ્યા છે, ખભેખભા આમ અડાડીને બધા બેઠેલા છો, આ પાર વગરની ભીડમાં !' ત્યારે પેલા છોકરાંઓએ જવાબ આપ્યો, મને એ નોંધ કરવા જેવો જવાબ લાગ્યો. મને કહે, 'કાકા, તમે ભીડ શેને કહો છો ?' આ છોકરો ઊલટો મને પૂછે કે 'ભીડ તમે શેને કહો છો ?' ત્યારે મેં કહ્યું કે 'અલ્યા, આ ભીડ ન હોય ?' ત્યારે કહે છે, કે 'ના, આ ભીડ ના કહેવાય. તમે આને ભીડ કહો છો ?' મેં કહ્યું કે 'ભઈ, મેં તો છૂટ જોયેલી એટલે મને આ ભીડ લાગે, તમે તો છૂટ જોયેલી નથી લાગતી.' તો કહે, 'ના, અમે જન્મ્યા ત્યારથી જ આવું જોયેલું ને એટલે અમે છૂટ જાણતા જ નથી. અમે તો આવું જાણીએ કે આવું જ હોય, ભીડ હોય.' મેં કહ્યું કે અમારા વખતમાં અમે મુંબઈ આવતા, તે એક ડબ્બામાં બેઠા હોય તો જોડે કોઈ માણસ ના મળે ! તે બીજા ડબ્બામાંથી કો'કને ખોળવો પડે ! ત્યારે એવી છૂટ હતી. ત્યારે છોકરાંઓ હસવા લાગ્યા કે 'એવું તો હોતું હશે !' મેં કહ્યું, 'એવું જ હતું બધું.' એમણે તો જોયેલું જ નહીં ને એવું બધું. એમણે તો જન્મ્યા ત્યારનું આનું આ જ જોયેલું. લટકીને આવવાનું ને લટકીને જવાનું અને ક્યૂ, ક્યૂ ને ક્યૂ (લાઈન) વગર તો જોયું જ નથી ને ! બધામાં ક્યૂ, ખાંડમાં, તેલમાં, ટિકિટ લેવા માટે બધે ક્યૂ ને ક્યૂ જ. એટલે આ

બધું જૂનું ફર્યા કરે, પાછલું બધું બદલાયા કરે ને નવું આવે. નવી નવી અવસ્થાઓ ઉત્પન્ન થયા જ કરે જગતમાં. અને નવી પેઢી અને જૂની પેઢીને ઝઘડા ચાલ્યા જ કરે.

## જમાના પ્રમાણે એડજસ્ટ થઈએ

આ ઘૈડિયાં ઘરમાં પેસે તો કહેશે, 'આ લોખંડનું કબાટ ? આ રેડિયો ? આ આવું કેમ ? તેવું કેમ ?' એમ ડખો કરે. અલ્યા, કોઈ જુવાનની દોસ્તી કર. આ તો યુગ જ બદલાયા કરવાનો. તે વગર આ જીવે શી રીતે ? કંઈક નવું જુએ એટલે મોહ થાય. નવું ના હોય તો જીવે શી રીતે ? આવું નવું તો અનંત આવ્યું ને ગયું, તેમાં તમારે ડખો કરવાનો ના હોય. તમને ના ફાવે તો તે તમારે ના કરવું. આ આઈસ્ક્રીમ એમ નથી કહેતો તમને કે અમારાથી ભાગો. આપણે ના ખાવો હોય તો ના ખઈએ. આ તો ઘૈડિયાં એની પર ચિઢાયા કરે. આ મતભેદો તો જમાનો બદલાયાના છે. આ છોકરાં તો જમાના પ્રમાણે કરે. મોહ એટલે નવું નવું ઉત્પન્ન થાય અને નવું ને નવું જ દેખાય છે. અમે નાનપણથી બુદ્ધિથી બહુ જ વિચારી લીધેલું કે આ જગત ઊંધું થઈ રહ્યું છે કે છતું થઈ રહ્યું છે, અને એ પણ સમજાયેલું કે કોઈને સત્તા જ નથી આ જગતને ફેરવવાની. છતાં અમે શું કહીએ છીએ, કે જમાના પ્રમાણે એડજસ્ટ થાવ ! છોકરો નવી જ ટોપી પહેરી આવે તો એવું ના કહીએ કે, 'આવું કંઈથી લઈ આવ્યો ?' એના કરતાં એડજસ્ટ થઈએ, કે 'આવી સરસ ટોપી ક્યાંથી લાવ્યો ? કેટલાની આવી ? બહુ સસ્તી મળી !' આમ એડજસ્ટ થઈ જઈએ.

## 'કૉમનસેન્સ'નો પ્રભાવ

સંજોગો ઊભા થાય છે, ત્યાં આગળ એડજસ્ટ થઈને આપણે ચાલવું જોઈએ. આપણે પુરુષ થયા, મતભેદ ન પડવા દઈએ. એ મતભેદ પાડે તોય વાળી લેવું. મતભેદ એટલે અથડામણ !

કોઈ પોતાને અથડાય પણ પોતે કોઈને અથડાય નહીં, એવી રીતે રહે તો 'કૉમનસેન્સ' ઉત્પન્ન થાય. પણ પોતે કોઈને અથડાવો ના જોઈએ, નહીં તો 'કૉમનસેન્સ' જતી રહે. ઘર્ષણ પોતાના તરફનું ના હોવું જોઈએ. સામાના ઘર્ષણથી આપણામાં 'કૉમનસેન્સ' ઉત્પન્ન થાય. આ આત્માની શક્તિ એવી છે કે ઘર્ષણ વખતે કેમ વર્તવું, એનો બધો ઉપાય બતાવી દે અને એક વખત બતાવે પછી એ જ્ઞાન જાય નહીં. આમ કરતા કરતા 'કૉમનસેન્સ' ભેગી થાય. મારે ખાસ ઘર્ષણ નહીં થવાનું. મને 'કૉમનસેન્સ' જબરજસ્ત એટલે તમે શું કહેવા માગો છો એ તરત જ સમજાઈ જાય. લોકોને એમ લાગે કે આ દાદાનું અહિત કરી રહ્યા છે, પણ મને તરત સમજાઈ જાય કે આ અહિત અહિત નથી. સાંસારિક અહિત નથી ને ધાર્મિક અહિતેય નથી અને આત્માસંબંધમાં અહિત છે જ નહીં. લોકોને એમ લાગે કે આત્માનું અહિત કરી રહ્યા છે, પણ અમને એમાં હિત સમજાય. એટલો આ 'કૉમનસેન્સ'નો પ્રભાવ. તેથી અમે 'કૉમનસેન્સ'નો અર્થ લખ્યો છે કે 'એવરીવ્હેર એપ્લિકેબલ (બધે જ લાગુ થાય).' હાલની જનરેશનમાં 'કૉમનસેન્સ' જેવી વસ્તુ જ નથી. જનરેશન ટુ જનરેશન (પેઢીએ પેઢીએ) 'કૉમનસેન્સ' ઓછી થતી ગઈ છે.

## બધો વ્યવહાર કષાય રહિત કરવો

આ છોકરાંઓ આખો દહાડો કાને રેડિયો નથી અડાડી રાખતા ? કારણ કે આ રસ નવો નવો ઉદયમાં આવ્યો છે બિચારાને ! આ એનું નવું 'ડેવલપમેન્ટ' છે. જો 'ડેવલપ' થયેલો હોત તો કાને રેડિયો અડાડત જ નહીં. એક ફેરો જોઈ લીધા પછી ફરી અડાડે નહીં. નવીન વસ્તુને એક ફેર જોવાની હોય, એનો કાયમ અનુભવ લેવાનો

ના હોય. આ તો કાનની નવેસરથી ઈન્દ્રિય આવી છે તેથી આખો દહાડો રેડિયો સાંભળ્યા કરે છે ! મનુષ્યપણાની તેમની શરૂઆત થાય છે. મનુષ્યપણામાં હજારો વખત આવી ગયેલો માણસ આવું તેવું ના કરે.

**પ્રશ્નકર્તા :** છોકરાઓને ફરવાનું બહુ હોય છે.

**દાદાશ્રી :** છોકરાં કોઈ આપણા બંધાયેલા નથી, સહુસહુના બંધનમાં છે. આપણે તો એટલું કહેવું પડે, કે 'વહેલા આવજો.' પછી જ્યારે આવે ત્યારે 'વ્યવસ્થિત.' વ્યવહાર બધો કરવાનો, પણ કષાય રહિત કરવાનો. વ્યવહાર કષાય રહિત થયો તો મોક્ષ ને કષાય સહિત વ્યવહાર તે સંસાર.

**પ્રશ્નકર્તા :** અમારો ભત્રીજો રોજ નવ વાગે ઊઠે છે, કશું કામ થતું નથી.

**દાદાશ્રી :** આપણે તેને ઓઢાડીને કહીએ કે 'નિરાંતે સૂઈ જા ભાઈ.' એની પ્રકૃતિ જુદી, તે મોડો ઊઠે ને કામ વધારે કરે ને અક્કરમી ચાર વાગ્યાનો ઊઠ્યો હોય તોય કશું ના કરે. હુંય દરેક કામમાં હંમેશાં લેટ (મોડો) હતો. સ્કૂલમાંય ઘંટ સાંભળ્યા પછી ઘેરથી નીકળતો અને કાયમ માસ્તરનો કકળાટ સાંભળતો ! હવે માસ્તરને શી ખબર કે મારી પ્રકૃતિ શું છે ? દરેકનું 'રસ્ટન' જુદું, 'પીસ્ટન' જુદું જુદું હોય.

**પ્રશ્નકર્તા :** પણ મોડામાં 'ડિસિપ્લિન' (શિષ્ત) ના રહે ને ?

**દાદાશ્રી :** આ મોડો ઊઠે એટલા માટે તમે કકળાટ કરો તે જ 'ડિસિપ્લિન' નથી. માટે તમે કકળાટ કરવાનું બંધ કરી દો. તમારે જે જે શક્તિઓ માગવી હોય, તે આ દાદા પાસે રોજ સો-સો વખત માંગજો, બધી મળશે.

હવે આ ભાઈને સમજ પાડી, એટલે એમણે તો અમારી આજ્ઞા પાળીને ભત્રીજાને ઘરમાં બધાએ કશું કહેવાનું બંધ કર્યું. અઠવાડિયા પછી પરિણામ એ આવ્યું કે ભત્રીજો એની જાતે સાત વાગે ઊઠતો થઈ ગયો ને ઘરમાં બધા કરતાં વધારે સારું કામ કરતો થયો !

## રીતસર હોય એટલું સારું

આજના છોકરાઓ, આ જનરેશન જોડે મેળ નથી પડતો ઘૈડા માણસોને. એટલે એ ખત્તા ખઈ-ખઈને રહેવું પડે છે. પેલો અવળું બોલે છે, પણ એવું આ ચલાવી લે છે. મહીં પણ પાર વગરનો અજંપો થયા કરે ને મનમાં એમેય થાય કે મૂઆ, આથી વહેલો મરી ગયો હોત તો સારો એ. કાં તો હું મરી ગયો હોત તો સારો. બેમાંથી એક નક્કી કરે. આવા અજંપાથી બધું ચાલી રહ્યું છે.

માને પજવે તોય એને આ વ્હાલો લાગ્યા કરે અને બાપને સહન ના થાય, બાપને શી રીતે સહન થાય ? જ્યાં બુદ્ધિનું લાઈટ હોય. સ્ત્રીઓમાંય બુદ્ધિ ખરી, પણ મોહ ખરો ને ! તે મોહને લઈને અંધારું થયા કરે બુદ્ધિ પર ? અને આપણે પાછળ ફોકસ મૂકેલું હોય એટલે મૂંઝામણ થઈ જાય.

આ કાળમાં પેલા ધણી કહેશે, 'હું ઘરડાઘરમાં જઉં છું, તમે આવો છો કે ?' ત્યારે પેલી કહે, 'ના, છોકરા જોડે મને ફાવશે, વહુ સારી છે ને !' ના આવે, આવે નહીં કોઈ દહાડોય. આ બહારના લોકોને માટે વાત છે. બહારના લોકોને કેવી મુશ્કેલી છે એ તો મને સમજાય !

આ મને તો સાત છોકરા હોય ને, જો કદિ આવું છોકરા પજવ પજવ કરતા હોય ને, તો જેમ અવળું બોલે, તેમ હું ખુશ થઈ જઉં. હેંડ, તું ગાંડો છું, પણ હું ડાહ્યો છું ને ! પણ હું મોઢા ઉપર અવળું દેખાડું. મોઢા ઉપર એવું દેખાડવું પડે કે મને બહુ દુ:ખ થયું અને અંદરખાને હું ખુશ થઉં

કે એનો ચક્કર કાચો પડ્યો ! જે મશીન ફટાકા મારે ને, તેને અમે કાચા કહી દઈએ. મશીન બોલે ને મારી પાસે એટલે 'હું પાકો છું' એવું કહી દઉં. વિનય રાખે એટલે હું જાણું કે પાકો છે આ. પણ, તમે આવા છો ને તેવા છો, એવું બોલે એટલે હું નબળો, વીકનેસ માની લઉં કે આ વીક (નબળો) છે બિચારો, દયા ખાવા જેવો છે. આપણે કંઈ એવા વીક છીએ ?

છોકરાઓ જોડે ડીલ (વ્યવહાર) કરતા ના આવડે એ આપણી ભૂલ ખરી કે નહીં ?

**પ્રશ્નકર્તા :** હા, ભૂલ ખરી.

**દાદાશ્રી :** હં, બધે આની આ જ ભૂલો થયેલી તમારી, નહીં ? આ બધે જ્યાં જુઓ ત્યાં આની આ જ ભૂલો ! લોકો મોહમાં મારું લડકું, મૂઆ ન્હોય લડકું, જરા અથડાવી જોજો, એની જોડે સામો થા જોઈએ એક કલાક ! એ તારું લડકું છે કે નહીં, ખબર પડશે ! એ તો રીતસર બધું સારું. છૂપો પ્રેમ રાખવાનો, ઉપરથી પ્રેમ ના ઓપન કરાય છોકરાઓને, એ તો આસક્તિ કહેવાય. એટલે જરા રીતસરનું કરવું બધું આપણે. આપણું કંઈ કલ્યાણ તો કરવું જોઈએ ને ! કયા અવતારમાં નહોતા છોકરાં ? દરેક અવતારમાં છોકરાં હતા જ ને ! તો હજુ શેના હારુ આટલો બધો મોહ ? તેમ છતાં છોકરાંને છંછેડવાના નહીં. એમને જરૂર હોય, જે જોઈએ એ બધુંય આપીએ-કરીએ ! રાતે સૂઈ જાવ છો ત્યારે સોડમાં ઘાલીને સૂઈ જાવ છો ? એ કહેશે, મને નથી ગમતું તો ? એટલે રીતસરનું જેટલું થાય એટલું જ કરાય.

### પૉઝિટિવ શોધીને આનંદમાં રહેવું

**પ્રશ્નકર્તા :** આપણે ગમે તેટલું કરીએ, પણ સામો ના સુધરે તો શું કરવું ?

**દાદાશ્રી :** પોતે સુધર્યા નથી ને લોકોને સુધારવા ગયા. તેનાથી લોક ઊલટા બગડ્યા. સુધારવા જાય કે બગડે. પોતે જ બગડેલો હોય તો શું થાય ? આપણે સુધરવું સહેલામાં સહેલું છે ! આપણે સુધર્યા ના હોઈએ ને બીજાને સુધારવા જઈએ, એ 'મીનિંગલેસ' (અર્થહીન) છે. ત્યાં સુધી આપણા શબ્દ પણ પાછા પડે. તમે કહો, કે 'આવું ના કરીશ.' ત્યારે સામો કહે, કે 'જાવ, અમે તો એવું જ કરવાના !' આ તો સામો ઊલટો વધારે અવળો ફર્યો !

અહંકારથી સામાને દબડાવી કરીને કામ કરાવવા જઈએ, તો સામો વધારે બગડે. જ્યાં અહંકાર નથી, ત્યાં તેને બધા કાયમ 'સિન્સિયર' હોય, ત્યાં 'મોરાલિટી' હોય.

'અહંકાર નુકસાનકર્તા છે' એવું જાણી લો, ત્યારથી જ બધું કામ સરળ થાય. અહંકારનું રક્ષણ કરવા જેવું નથી. અહંકાર પોતે જ રક્ષણ કરી લે એવો છે.

આપણો અહંકાર ના હોવો જોઈએ. અહંકાર બધાને ખૂંચે છે. નાના છોકરાનેય જરાક 'અક્કલ વગરનો', 'મૂરખ', 'ગધેડો' એમ જો કહ્યું તો તેય વાંકો ફાટે, ને 'બાબા, તું બહુ ડાહ્યો છે' કહીએ કે તરત એ માની જાય.

**પ્રશ્નકર્તા :** અને એને 'બહુ ડાહ્યો' કહીએ તોય એ બગડશે ?

**દાદાશ્રી :** 'મૂરખ' કહીએ તોય બગડી જાય ને 'બહુ ડાહ્યો' કહીએ તોય બગડી જાય. કારણ કે 'ડાહ્યો' કહીએ એટલે એના અહંકારને 'એન્કરેજમેન્ટ' (પ્રોત્સાહન) મળી જાય અને 'મૂરખ' કહો તો 'સાયકૉલૉજિકલ ઈફેક્ટ' (માનસિક અસર) અવળી પડે. ડાહ્યા માણસને ૨૫-૫૦ વખત 'મૂરખ' કહો તો તેના મનમાં વહેમ પડી જશે, કે 'ખરેખર શું હું ગાંડો હોઈશ ?' એમ કરતો

કરતો એ ગાંડો થઈ જાય. એટલે હું ગાંડાનેય 'તારા જેવો ડાહ્યો આ જગતમાં કોઈ નથી' એમ કરી કરીને 'એન્કરેજમેન્ટ' આપું છું. આ જગતમાં હંમેશાં 'પૉઝિટિવ' લો. 'નેગેટિવ' તરફ ચાલશો નહીં. 'પૉઝિટિવ'નો ઉપાય થશે.

હું તો પૉઝિટિવ કરવા માગું છું, નેગેટિવ સેન્સ જ લાવવા નથી માંગતો. જો એ સારો હોય ને, તો એને સારામાં પુષ્ટિ આપી દઉં. એટલે સારું એટલું બધું પ્રકાશમાન થાય, એટલી બધી જગ્યા રોકતું જાય કે નેગેટિવ જ ઊડી જાય. આ જગતને નેગેટિવે અત્યાર સુધી અથાડ અથાડ કરેલું ! આપણે કોઈના અવગુણ ના જોવાય. જોવા હોય તો ગુણો જોવાના. આપણે સો નેગેટિવમાંથી એક પૉઝિટિવ શોધીને આનંદમાં રહેવા જેવું છે.

## ૧૯૨૧-૨૨ની સાલનો સાંધો

બધું વાતાવરણ આનંદમાં રાખો. ભૂલવાળાનેય આનંદમાં રાખીને પછી કામ લેવું. અને મારી જોડે બેસો છો રોજ, કંઈ ને કંઈ શીખવાનું તો મળે જ ને ! પણ જ્યાં સુધી તમે પેલું જૂનું ખસેડો નહીં, ત્યાં સુધી પેલું નવું એડજસ્ટ ના થાય. કારણ કે આ તો આપણે વારસામાં આવેલું, એ શી રીતે આપી દેવાય ?(!)

**પ્રશ્નકર્તા :** બાપ-દાદાનું પ્રેક્ટિકલ જોયેલું છે.

**દાદાશ્રી :** એ તો તે દા'ડે કિંમતી હશે, આજે નથી કિંમતી. મારું શું કહેવાનું છે ? ૨૧ અને ૨૨ની સાલનો સાંધો, ૨૧ની સાલ પહેલા જે જન્મેલા હોય તેને તમારે જે કહેવું હોય તે કહેજો. પણ ૨૨ની સાલ પછી ના કહેશો.

**પ્રશ્નકર્તા :** એમાંય જે વૉર ક્વૉલિટીમાં (પ્રથમ વિશ્વયુદ્ધ વખતે) જન્મેલા, એને બિલકુલ ના કહેવાય.

**દાદાશ્રી :** કશું જ ના કહેવાય. આ વૉર ક્વૉલિટીને કશું જ ના કહેવાય. પણ ૨૨ની સાલ પછી હું જોઈ લઉં, કે આ ૨૨ની સાલ. તે દા'ડે બે સાંધા પડ્યા, ૨૧ને ૨૨માં. ૨૧માં જન્મેલાના ધોતિયા, બધાયના હંડ્રેડ પરસન્ટના અને ૨૨માં લેંઘા પેઠા. ત્યાંથી લેંઘા વધતા, વધતા, વધતા ૧૯૨૧ ને ૨૨ની સાલનો સાંધો. કોઈને લેંઘાવાળો જાણું તો હું જાણું કે ૧૯૨૨ની સાલવાળો છે. બાકી વૉર ક્વૉલિટી માલ તો વાત જ જુદી ! ૧૯૨૧ ને ૧૯૨૨ની સાલ તે મેં હિસાબ ખોળી કાઢેલો. દિવસે દિવસે મનોબળ તૂટતા ચાલ્યા, અંતઃકરણમાં આખું બળ જ ! તે અમારા પહેલા કંઈ ઘૈડિયાઓ બળવાળા હતા એવું નહીં.

**પ્રશ્નકર્તા :** સરળ હશે.

**દાદાશ્રી :** સરળેય અબુદ્ધિને લઈને, બુદ્ધિ ઓછી તેને લઈને, જ્યાં સુધી બુદ્ધિ હોય તે મૂઓ સરળ રહે જ નહીં એવા હતા. આપણા લોકો ગમે એ કહે કે અમારા ઘૈડિયાઓ બહુ સારા હતા, પણ એ તો એમને જ્યાં જ્યાં સ્કોપ મળ્યો છે ને, ત્યાં સ્કોપ છોડ્યો નથી. એટલે આમને સ્કોપ વગર આ સીધા રહેલા છે. તમારા ભઈને અને તમારે બેને ઝઘડો ચાલતો હોય તોય તમારા વાડ આગળ ગલકું લટકતું હોય, તો તોડીને, એમ નહીં કે આ પારકાનું લઉં છું. એ તો ખોળતો જ હોય આવું. પછી વાણિયો, બ્રાહ્મણ બધાય, આવી દાનતો હતી. આ તો અત્યારે બહુ સારી. મેં તો બધા ઘૈડિયાઓ જોયા'તા ને ! ભોળા શાથી કહેવાય ? જોયેલું જ નહીં. બીજું ગામ જ જોયેલું નહીં. પછી શું ? ડામરનો રસ્તો જોયો હોય તો ભાંજગડ થાય ને ? તે દા'ડે તો હું ૨૨-૨૩ વર્ષે મુંબઈ જઈ આવેલો ને ! તે પછી ભાદરણ જઉંને ત્યારે કો'ક આમ પચાસ-પોણો સો માણસો ઉપર અમથો ટેં ટેં કરતો હોય ને ! ત્યારે હું કહું, 'કાકા, મુંબઈમાં સંડાસ જોઈ આવો, શેઠિયાઓના કેવા છે !' ત્યારે મેં

કહ્યું, 'આ તમારી બધી મિલકત એક સંડાસમાં... ! હેં ?' વગર કામનો મૂઓ ટેં ટેં કર્યા કરે ! બહુ રેચેડ, રેચેડ (નકામું) બધું. કશું ધર્મનો તો આંકડોય નહોતા જાણતા.

આમ મંદિરમાં જાય તો પરસાદમાં ચિત્ત. પરસાદ વહેંચાયો ને, પરસાદ ! અરે મૂઆ, પરસાદમાં... તે હોય કેટલો શીરો, આટલો જ આમ લિસોટો મારે, તેય આમ ચાટ ચાટ કરે. અરે મેલ ને, શું ચાટ ચાટ કરે છે આ ? અને આજના છોકરાં તો આપણે આપીએ છીએ ને પેંડો, તોય નહીં લેતા, તમે જોયેલું એવું બધું ? આપણા ઘૈડિયાઓનું જોયેલું ? તમને લાગે છે એવું ? આપણા ઘૈડિયાનું. ખોટું નથી બોલતો ને ? તેં બધું જોયેલું ? મેં બહુ જોયેલું.

વાણિયા-પાટીદાર બધાય છે તે શાક-બાકની ચોરી કરી લાવે. અમે હઉ કરી લાવેલા ને ! પણ મને નાનપણમાંથી એક ટેવ બહુ સુંદર હતી. ગમે ત્યાં એ લઈ જાય એમના ખેતરમાં, બધા શાક બાંધી લાવે પણ હું ઘરે બાંધી ના લઉં. કોઈ દા'ડો ઘેર કશું લાવ્યો નથી, કોઈ દા'ડોય લાવ્યો નથી. અમુક અમુક ધ્યેય બહુ સુંદર હતા. ત્યાં આગળ, ત્યાં મૂળો-મોગરી ખાધા એટલા ખરાં, બાકી ઘેર નહીં લાવવાના. પેલા બધા તો બાંધી લાવે છે લોકો.

તેમ છતાં એવું નથી, તદ્દન એવું નહીં. ટેન પરસેન્ટ એવા સરસ હતા કે વખાણવા જેવા. આજે એવા માણસ ના મળે, ટેન પરસેન્ટ માણસો એવા હતા.

## અધ્યાત્મ માર્ગ એ હૃદયવાળાની શોધખોળ

આ જૂના ઘૈડિયા બધા બુદ્ધિ પર નહીં પડેલા અને હાર્ટ ઉપર રહેલા, તે એમને જુવાનિયા જોડે મેળ ના પડે. કારણ કે પેલા જુવાનિયા એકલા બુદ્ધિ પર જ પડેલા છે !

બુદ્ધિનો વેગ તો મહીં વચ્ચે ડખલ કરે છે. મૃદુ-ૠજુ હોય, વિનમ્રતા હોય. ૠજુ એટલે સરળતા. એવા બધા ગુણો હોવા જોઈએ. એમ ને એમ કંઈ ગપ્પા ચાલતા હશે ? માટે હાર્ટ (હૃદય) ઉપર આવી જાવ. આ જગત જ્યારે બુદ્ધિનો પ્રચાર છોડશે, હાર્ટ ઉપર આવશે, ત્યારે પાછું સરળ થશે બધું. વેગ બધો હાર્ટિલી હોવો જોઈએ.

એ (બુદ્ધિ) નુકસાન કરે, હેરાન કરે, મહીં સુખ ઉત્પન્ન થવા ના દે. હાર્ટની વાત હેલ્પ કરે. બુદ્ધિની વાત હેલ્પ ના કરે, ઊંધો જ રસ્તો અને હાર્ટની વાત આપણને નિવેડો લાવી આપે.

અમારી એક વાતેય બુદ્ધિની ના હોય. અહીં આ બધા પુસ્તકની અંદર, બુદ્ધિની વાત ના હોય, હાર્ટિલી વાત હોય. અહીં જેટલા શબ્દ બોલાય છે ને, અત્યાર સુધીમાં જેટલા પુસ્તકો થયા, એમાં બુદ્ધિની એક વાત નથી. બુદ્ધિ હોય ત્યાં એટિકેટ (શિષ્ટાચાર) હોય. બધા રોગ ઘૂસ્યા હોય. કોઈ રોગ બાકી ના હોય.

હાર્ટ નિરાંતે બેસવા દે અને બુદ્ધિ જંપવા જ ના દે. કંઈનું કંઈ ખોળ ખોળ ખોળ કરે. આ ખોળે, તે ખોળે આખો દહાડો એ જ, કારણ કે ઊંધા ચાળે ચઢાવી દીધા, સ્થિર થવા ના દે અને હાર્ટ સ્થિર થવા દે, જંપવા દે. હૃદયપૂર્વકનું ત્યાં એકતા ને બુદ્ધિપૂર્વકનું આવ્યું કે ત્યાં આગળ ડખો. બુદ્ધિનો ડખો વધી જાય ત્યારે હાર્ટ બળી જાય છે અને હાર્ટ બળી જાય એટલે કશું ભલીવાર આવે નહીં પછી.

આ દુનિયા બુદ્ધિથી ગૂંચાયેલી છે અને બુદ્ધિ એટલે વિકલ્પો. આમ નહીં ને આમ, આમ નહીં ને આમ, જંપ જ નથી કોઈ દહાડો અને હાર્ટ એટલે વિકલ્પો બંધ કરવાનું સાધન. હાર્ટિલી મોક્ષે જાય અને બુદ્ધિવાળા સંસારમાં ભટકે. આ બે

નિયમ છે. અધ્યાત્મમાર્ગ એ બુદ્ધિવાળાની શોધખોળ નથી, હૃદયવાળાની શોધખોળ છે. હૃદયના વિચાર, હૃદયની વાણી, હૃદયનું વર્તન, એ તો ભગવાન બનાવે. હાર્ટિલી !

### અમારા વખતની પ્રજા વિષયમાં ચોખ્ખી

અમારા વખતની એ પ્રજા એક બાબતમાં બહુ સારી હતી. વિષય વિચાર નહીં. કોઈ સ્ત્રી તરફ ખરાબ દૃષ્ટિ નહીં. હોય, સેકડે પાંચ-સાત ટકા માણસ એવા હોય ખરા. તે ફક્ત રાંડેલીઓ જ ખોળી કાઢે, બીજું કશું નહીં. જે ઘરે કોઈ રહેતું ના હોય ત્યાં રાંડેલી એટલે ઘર વગરનું ઘર એમ કહેવાય. અમે ૧૪-૧૫ વર્ષના થયા ત્યાં સુધી છોકરીઓને જુએ તો 'બેન' કહીએ, બહુ છેટેની હોય તોય. એ વાતાવરણ એવું હોય. કારણ કે ૧૦-૧૧ વર્ષના હોય ત્યાં સુધી તો દિગંબરી ફરતા ! ૧૦ વર્ષનો હોય તોય દિગંબર ફરતો હોય. દિગંબર એટલે સમજ્યા ?

**પ્રશ્નકર્તા :** હા, હા, ખ્યાલ આવી ગયો.

**દાદાશ્રી :** અને એ ઘડીએ મા કહે પણ ખરી, 'રડ્યા, દિગંબર, લૂંગડું પહેર, દેગંબર જેવો.' એટલે દિગંબર દિશાઓ રૂપી લૂગડાં. એટલે વિષયનો વિચાર જ ના આવે. એટલે ભાંજગડ નહીં. તે વિષયની જાગૃતિ જ નહીં.

**પ્રશ્નકર્તા :** એટલે સમાજનું એક જાતનું પ્રેશર એટલે ?

**દાદાશ્રી :** ના, સમાજનું પ્રેશર નહીં. મા-બાપનું વલણ, સંસ્કાર ! ત્રણ વર્ષનું છોકરું એ ના જાણતું હોય કે મારા મા-બાપને આવો કંઈ સંબંધ છે. એટલી બધી સુંદર સિક્રસી (ગુપ્તતા) હોય ! અને એવું હોય તે દહાડે છોકરાં બીજા રૂમમાં સૂતા હોય. એ મા-બાપના સંસ્કાર ! અત્યારે તો પેણે બેડરૂમ ને પેણે બેડરૂમ. માને એક બાજુ છોકરો થાય અને વહુનેય છોકરો થાય. જમાનો બદલાયો ને ! બેડરૂમ, ડબલ બેડ હોય છે ને ?

અને કોઈ પુરુષ તે દહાડે એક પથારીમાં સૂવે નહીં, કોઈ ના સૂવે. તે દહાડે તો કહેવત હતી કે સ્ત્રી સાથે આખી રાત સૂઈ જાય તો તે સ્ત્રી થઈ જાય, એના પર્યાય અડે. તે કોઈ આવું ના કરે. આ તો કો'ક અક્કલવાળાએ શોધખોળ કરી. ડબલ બેડ વેચાયા જ કરે ! એટલે પ્રજા થઈ ગઈ ડાઉન. ડાઉન થવામાં ફાયદો શો થયો ? પેલા તિરસ્કાર બધા જતા રહ્યા. એટલે હું તો ખુશ થયો કે 'સારું થયું, આ ડાઉન થઈ ગયા.' હવે ડાઉન થયેલાને ચઢાવતા વાર નહીં લાગે. પણ તિરસ્કારને એ બધું ગાંડપણ જતું રહ્યું હડહડાટ ! નોબલ થયા, નોબિલિટી આવી. બહુ લાભ થયો છે. અંગ્રેજો ને આ બધા ભેગા થયા તે બહુ સારું થયું, તિરસ્કાર જતા રહ્યા.

### ડબલ બેડ કોણ જાણે ક્યારે પેઠા ?

અલ્યા, આ ડબલ બેડ તે હિન્દુસ્તાનમાં હોતા હશે ? કઈ જાતના જાનવરો છે ? હિન્દુસ્તાનના સ્ત્રી-પુરુષો કોઈ દહાડો ભેગા એક રૂમમાં હોતા જ નથી ! હંમેશા જુદી જ રૂમમાં રહેતા હતા ! તેને બદલે આ જો તો ખરા ! અત્યારે આ બાપ જ બેડરૂમ કરી આપે, ડબલ બેડ ! તે પેલા સમજી ગયા કે આ દુનિયા આવી જ ચાલ્યા કરે છે. તમને ખબર છે કે પહેલા સ્ત્રી-પુરુષોની જુદી રૂમોમાં પથારીઓ રહેતી હતી ? તમને ખબર નથી ? એ બધું મેં જોયેલું આ. તમે એ ડબલ બેડ જોયેલા ? હેં ? શું કહે છે ?

**પ્રશ્નકર્તા :** ડબલ બેડ ગોઠવાય એવા ઓરડા જ ક્યાં હતા ?

**દાદાશ્રી :** એકંદર સારું છે, આ છોકરા બધા

યુઝલેસ (નકામા) નીકળ્યા છે ને ! સાવ જૂઠો માલ, તદ્દન જૂઠો માલ ! પણ એમને કહ્યું હોય કે આ હોલમાં પચ્ચીસ જણ સૂઈ જાવ, તો તરત બધા સૂઈ જવાના. અને એને બાપ શીખવાડે કે જાવ, ડબલ બેડ લઈ આવ. એટલે પાછું એવુંય શીખી જાય બિચારા. એમને એવું કંઈ નથી. આજ ડબલ બેડ હોય તે અહીં આગળ બીજે દહાડે આમેય હોય. એવું કશું નથી. આ તો બાપ વાંકા છે. બરકત નથી એવો ઊંધે રસ્તે ચઢાવે છે.

મારી ટચમાં આવેલો એકેય છોકરો જૂઠું બોલતો જ નથી. ભય લાગે છે છતાંય જૂઠું બોલતો નથી. હવે એ છોકરોને જોઈને મને એવું થઈ જાય છે કે મારા વખતમાં કોઈ છોકરો સાચું બોલતો નહોતો. વઢવાની જગ્યા હોય ત્યાં સાચું બોલતો નહોતો; સહેજ જ અપમાન થઈ જાય એવી જગ્યા હોય તોય સાચું બોલ્યા નથી અને આ તો ગમે તે થાય, મારી નાખવાનો હોય તોય જૂઠું બોલ્યો નથી. ત્યારે જુઓ ને, આ પ્રજા કેવી સરસ છે ! હિન્દુસ્તાનનું ભાવિ કેવું ઉજ્જવળ છે !

## ઘૈડી કે કુણી દૂધી, કઈ પહેલા ચઢે ?

માણસની નાની ઉંમર ને એક બાજુ કુણી દૂધી અને માણસની મોટી ઉંમર ને એક બાજુ ઘૈડી દૂધી, તે કયું શાક ચઢી જાય ?

**પ્રશ્નકર્તા :** એ કુણી જ ચઢે ને !

**દાદાશ્રી :** અને પેલી ઘૈડી ?

**પ્રશ્નકર્તા :** ચઢે જ નહીં.

**દાદાશ્રી :** એને ચઢતા વાર લાગે. પેલી કુણી દૂધી તો સપાટાબંધ ચઢી જાય, આમ વરકો વળી જાય. એટલે આ જવાન માણસો તો જલદી વળી જાય.

પોતાનો છોકરો હોય, ભત્રીજો હોય કે ગમે તે હોય, અને એ આગળ જતો હોય તો આપણે એને હેલ્પ કરવી જોઈએ. અમે તો નાનપણમાંથી જ આવું નક્કી કરેલું પણ આ બધા ઘૈડિયાઓને મેં જોયેલા. સહેજ કોઈ આગળ વધ્યો કે મારીઠોકીને, ધક્કો મારીને પાછળ પાડી દેશે. અને પાછળ રહી ગયો હોય તો એને આગળ લઈ આવશે, પણ મારી પાછળ રહે. આ બધા ખોટા જ ને ! આ કેટલું બધું ડેવલપમેન્ટ કાચું છે ! મને બહુ ચીઢ ચઢે કે આ કઈ જાતના લોકો છે ! છોકરો આગળ વધ્યો તો આપણે આનંદ પામવો જોઈએ ને ! પણ હવે આ જમાનામાં લોકોના મન સારા છે એટલું મેં જોયું. છોકરો આગળ વધે એમને તે ગમે.

**પ્રશ્નકર્તા :** પણ એ તો પહેલા ભણતર ઓછું હતું ને, એટલે એવું હશે.

**દાદાશ્રી :** ના, ના. અને એ લોકો શું કહે છે ? તમે ભણ્યા છો પણ અમે ગણેલા છીએ, પાછા અમારી સામે વાત મોટી કરે છે ? ગણતર અમારું હતું. જો કે એ લોકો ગણતરમાં ખોટા નહોતા, બરોબર હતું. આ બધું ડેવલપમેન્ટ કાચું. આ અંગ્રેજો આવ્યા પછી આપણા લોકોની બુદ્ધિ ડેવલપ થઈ ગઈ છે. આ ભણતર વધ્યું એને લીધે ડેવલપ થયો. ખોટા દુરાગ્રહ ને ખોટી ધમાલો બધી તૂટી ગઈ. એટલે બહુ સારું થઈ ગયું. પહેલા તો કોઈ કોઈને આગળ જ વધવા ના દે. એટલે મેં તો મારા ભત્રીજાઓને કહી દીધું, કે 'તમે મારી હેલ્પથી આગળ આવો, તો મને વાંધો નથી. અને આગળ આવ્યા પછી તમારા શીંગડાં લઈને મને સામા આવીને મારજો ને મને મારશો ત્યારે મને એમ લાગશે કે આ ડાહ્યો છે. પણ તમે મારાથી આગળ વધજો.' જ્યારે આપણા લોકો તો પાછું પાડવાનું ખોળ ખોળ કરે. મેં શું કહેલું કે આઈ

વિલ હેલ્પ યુ (હું તમને મદદ કરીશ.). મેં આખી જિંદગી એવું જ રાખેલું.

છોકરાઓ માટે સારી ભાવના જ કર્યા કરો ને ! એ બધા સંજોગો ભેગા થઈ જશે. બાકી આ છોકરાંઓમાં કશું વળે એવું નથી. છોકરાં વળશે, પણ તે એની મેળે કુદરત વાળશે. છોકરાં સારામાં સારા છે. કોઈ કાળે નહોતા એવા છોકરાં છે અત્યારે.

શું ગુણો હશે તે હું એવું કહું છું કે કોઈ કાળે નહોતા એવા ? કોઈ જાતનો બિચારાને તિરસ્કાર નથી, કશું નથી. ખાલી મોહી, ભટક ભટક કરે છે સિનેમામાં ને બધે. અને પહેલાના કાળમાં તે તિરસ્કાર એટલા બધા કે બ્રાહ્મણનું છોકરું પેલાને અડે નહીં. છે અત્યારે કશી ભાંજગડ ?

**પ્રશ્નકર્તા :** એવું કંઈ નથી, જરાય નથી.

**દાદાશ્રી :** તે બધો ચોખ્ખો થઈ ગયો માલ અને લોભેય નથી, માનની એ પડી નથી. અને પેલો અત્યાર સુધી તો બધો જૂઠ્ઠો માલ ! માની-ક્રોધી-લોભી ! અને આ તો બિચારા મોહી જીવડાં જેવા છે.

### બહાર નગારા વાગે એમાં આપણે શું ?

**પ્રશ્નકર્તા :** દાદા, નવી પેઢીને આવું બધું ગમતું હોય છે, ત્યાં પછી કેવી રીતે એડજસ્ટ થવું ?

**દાદાશ્રી :** એક જણ મને પૂછતો'તો, મામાની પોળમાં. કહે છે, 'મારી સામે આ ગરબા થાય છે ને, તે મારે ત્યાં છે તે રાત્રે બે વાગ્યા સુધી એવું લાઉડ સ્પીકર ગોઠવે છે ને, તે આખી રાત હું તો કંટાળી જઉં છું.' ત્યારે મેં કહ્યું, 'બે વાગ્યા સુધી લાઉડ સ્પીકર બોલે, પછી ?' ત્યારે કહે, 'પછી એના પડઘા પડ્યા કરે. એટલે આખી રાત મારી થઈ જાય પૂરી !' ત્યારે મને એ પૂછવા આવ્યો, 'તમને કશું થતું નથી ?' મેં કહ્યું, 'ના, મને તો એમાં, એ બાજુ ધ્યાન જ નહીં ને ! બહાર નગારા વાગતા હોય કે વાજાં વાગતા હોય કે ગરબા ગાતા હોય, મારે શું લેવાદેવા તે ?'

**પ્રશ્નકર્તા :** બરોબર છે, દાદા.

**દાદાશ્રી :** તો કહે, 'એટલું બધું ધ્યાન છૂટું રહે ? મને લાગે છે કે કાને જરા બહેરાશ હશે તમને.' મેં કહ્યું, 'ના, એ એટલી મોટી બહેરાશ નથી, આ બધું સંભળાય છે ખરું.'

**પ્રશ્નકર્તા :** હા, લાઉડ સ્પીકર તો સંભળાય ને !

**દાદાશ્રી :** પણ જેને એ બાજુ ધ્યાન જ નથી તેને શું અડે ? એટલે હું કહેતો હતો, કે 'મારે ત્યાં ગોઠવો, બા.' એ બધા કંટાળશે. હીરાબાને ભાંજગડ નહીં આવી તેવી, સરળ કામ એમનું. એ શું કહે ? 'બહાર વાગતું હોય તેમાં આપણે શું ? લોકો એમને ઘેર ગમે તે વગાડે, આપણે કેમ બોલાય ?' એટલે એ સરળ, અને હું સરળ નહીં, પણ મને તો આમાં ધ્યાન જ નહીં ને ! નહીં તો મારે તો ચગી જાય પછી ! આપણે સરળ-બરળ નહીં હીરાબા જેવા. કો'કને ઘેર પણ વગાડે કેમ ? આપણું માથું એમ આપણને હેરાન કરે ! એ ના પોસાય. પણ પેલું ધ્યાન એ બાજુ નહીં ને ! કિંમત ના રહીને એની. એટલે ચીડેય ના રહે ને કશુંય નહીં. અને પેલો તો કહે છે, કે 'બે વાગ્યા સુધી તો ખુદ સંભળાય છે ને તેમાં જ મારો દમ નીકળી જાય છે.' ત્યારે મેં કહ્યું, 'પછી આરામ કરીને સૂઈ જતા હોય તો શો વાંધો, આમ પાસું ફેરવીને ?'

**પ્રશ્નકર્તા :** હા.

**દાદાશ્રી :** ત્યારે કહે, 'પછી આખી રાત પડઘા પડે છે એના.' હવે આને ક્યાં પહોંચી વળાય ? એટલે હું સમજી ગયો કે જગત કેટલું બધું ત્રાસી

ઊઠે છે આ બહારની વસ્તુઓ, સંયોગોથી. ત્રાસી ઊઠે છે ને ?

**પ્રશ્નકર્તા :** હા, સંયોગોથી ત્રાસી ઊઠે છે.

**દાદાશ્રી :** હજુ પોલીસવાળો તો આવ્યો નથી. પોલીસનો સંયોગ આવે ત્યારે શું થાય પછી ? પોલીસવાળો હાથકડી લઈને આવે ત્યારે શું થાય ?

## બરકત વગરના જ સુધરશે

**પ્રશ્નકર્તા :** આ (જનરેશનના) છોકરાઓ જ બહુ મોટી સમસ્યા છે.

**દાદાશ્રી :** સમસ્યા મોટી છે, જબરજસ્ત છે, પણ તે સમસ્યા સુધરે એવી છે. આ કાળમાં જ આવા છોકરાં છે કે જેનામાં બિલકુલ બરકત જ નથી અને બરકત ના હોય તો જ સુધરે. બરકતવાળા સુધરે નહીં. બરકતવાળા તો એમનામાં, પોતાના સ્વાર્થમાં એક્કા હોય, જોડે તિરસ્કાર હોય, બીજું હોય બધું. તેથી આખું હિન્દુસ્તાન બગડી ગયું ને ! એના કરતાં બરકત વગરનો માલ સારો ! માનની પડી નથી, કશી કોઈ જાતની પડેલી નથી.

અને માને 'માસી' કહે એવા આજના લોકો ! મા જતી હોય ને, તો 'માસી, માસી' કહેશે ! અલ્યા, તારી બા છે આ તો ! અરે, કેટલા તો વહુ જતી હોય ને, તો કહેશે, 'બા ઊભા રહો, ઊભા રહો.' આ પાછળ સાડી એવી દેખાતી હોય ને, તો વહુને 'બા' કહે !

એટલે સાવ બરકત વગરનો ! મોહમાં પડેલો ! વધુ મોહી થઈ ગયા છે ને ! એટલે મોહમાં પડેલો માલ બરકત વગરનો હોય. જેમાં ને તેમાં મોહ, જેમાં ને તેમાં મોહ ! આજના છોકરામાં કશી બરકત નથી. રસ્તે જતા સુલેમાન એની બેનને પકડે ને તો, 'એય સુલેમાન, મારી બેન છે, બેન છે' કરશે. પહેલાના છોકરા હોય તો શું કરે ? સુલેમાનને ગળે બચકું ભરે એવા. ને અત્યારે આ લોક તો બિચારા 'મારી બેન થાય, મારી બેન થાય, છોડી દે.' એવું બધું મોળું ખાતું ! પણ એ મોળું છે તો ફાયદાકારક થશે કે આ જ્ઞાન બધે પહોંચશે. આપણું જ્ઞાન બધું પહોંચશે. મોળું ના હોત તો પેસત જ નહીં ને !

## હેલ્ધી જનરેશન - હેલ્ધી માઈન્ડ

**પ્રશ્નકર્તા :** નાનપણથી જો આ જ્ઞાન બધું મળ્યું હોય, તો ચોખ્ખું જ બધું, વ્યવહાર બધો ચોખ્ખો ચાલે.

**દાદાશ્રી :** હા, ઘણું કામ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** અત્યારે તો અમે બધા નફ્ફટ જેવા થઈ ગયા છીએ. અહીંથી બહાર જઈએ એટલે પાછું મશીન ચાલ્યા કરે.

**દાદાશ્રી :** હા, બરાબર છે, ખરું કહે છે. નાનપણમાં આવું (જ્ઞાન) મળ્યું હોય તો કામ થઈ જાય ને ! જુઓ ને, આ છોકરાઓને નાનપણમાં મળ્યું છે તે કેવા ડાહ્યા થઈ ગયા ! નહીં તો આ છોકરાને તો, આમાં બરકત જ નહીં ! એ સોળ વર્ષનો પેલો આવ્યો ને, તે મેં કહ્યું, 'આ બરકત વગરનો, તું શું કરવા અહીં પેસી ગયો છું !' આ જ છોકરો ! ત્યારે કહે, 'જે કહો એ, માથે પડ્યો છું તમારે.'

જૂના જમાનામાંય છે તે ધણીને ને વહુને ફાવતું શાથી ? એ કંઈ ધણી હોશિયાર નહોતા એવા કંઈ ! સમજદાર નહોતા. પેલી અભણ હતી સ્ત્રીઓ. અને પતિ એ પરમેશ્વર સ્વીકારી લે અને આ ભણેલી આવી એ કંઈ ગાંઠે !

ભણતર નહોતું, પણ ગણતર હતું તે દહાડે. આ ભણેલી સ્ત્રીઓમાં ગણતર છે નહીં બિલકુલ. પણ આ છોકરાઓમાંય ગણતર નથી. બધા બરકત વગરના કહેવાય છે છોકરા આજના. આમેય બરકત

નહીં ને આમેય બરકત નહીં. પણ એમાં ફાયદો શો થયો ? એક પ્રોફેસરે પૂછ્યું કે 'આ તમારા આપ્તપુત્રો બધા નાની ઉંમરના કેમ છે, મોટી ઉંમરના કેમ નથી ?' મેં કહ્યું, 'મોટી ઉંમરના મનના ચોર હતા, મૂઆ. આજની આ જનરેશન હેલ્ધી માઈન્ડની છે.' હેલ્ધી માઈન્ડ શાથી ? મમતા જ નહીં. ભાન મહીં હોય તો મમતા હોય ને ! જેને ભાન હોય તેને તો મમતા હોય ! મમતા જ નહીં અને પહેલા તો, મારી ઉંમરમાં તો છોકરા હોય ને, તે નાનું પાંચ વર્ષનું હોય ને, તોય તમારા આઠ આના પડી ગયા હોય ને, તો એની ઉપર પગ મૂકીને વાત કરે. ચોર બિલકુલ, અમારા વખતમાં બિલકુલ ચોર જ હતા લોકો. અમે જન્મ્યા ત્યારે હેલ્ધી માઈન્ડ નહોતું. હું જન્મ્યો ત્યારે તો ચોર માઈન્ડની જનરેશન હતી, ૭૮ વર્ષ પહેલા તો.

હવે અત્યારના છોકરા બિલકુલ બરકત નહીં. એટલે આ ગુણેય નથી એમનામાં. મમતા જ જતી રહી ને ! એટલે મેં કહ્યું, 'હેલ્ધી માઈન્ડ છે. એમને વાળનાર જોઈએ. આ છોકરાઓને વાળનાર જોઈએ. અમારા હાથે વળે એટલે ઓલરાઈટ થઈ જાય, ભગવાન થઈ જાય.'

**પ્રશ્નકર્તા :** હેલ્ધી માઈન્ડનો પેલો જમાનો કઈ સાલથી કહો છો ? હેલ્ધી માઈન્ડવાળા કઈ સાલના જન્મ પછી ગણાય ?

**દાદાશ્રી :** આજના જે આ છોકરા-છોકરીઓ છે, તે પચ્ચીસ વર્ષની અંદરના છે એ બધા હેલ્ધી માઈન્ડના છે.

**પ્રશ્નકર્તા :** એમને ફિઝિકલ ફીટનેસનું સર્ટિફિકેટ આપવું હોય તો કઈ રીતે આપવું ?

**દાદાશ્રી :** હેલ્ધી માઈન્ડના માણસો અને અનહેલ્ધી લોકોની ભેગા રહેવું. એટલે ફિઝિકલ ફીટનેસ હોય જ નહીં બિચારાને !

એટલે આ માઈન્ડ હેલ્ધી છે એમનું, એ મારી શોધખોળ છે. હેલ્ધી માઈન્ડની જનરેશન કોઈ વખત પાકી હોય તો તે આ કાળમાં પાકી છે. હેલ્ધી થતી થતી આવી છે. અમારા વખતથી હેલ્ધી થતી થતી આવી લાગે છે, મમતા જ નહીં.

**પ્રશ્નકર્તા :** આજકાલના છોકરાંઓને મારું-તારું નથી પણ મારું-મારું છે એમ.

**દાદાશ્રી :** ભલે એ લાગે એવું, પણ ખરી રીતે આમ નથી બિચારાને. આ મારું કેવું ખરાબ દેખાય એવું કશું નહીં. પાછું લુંગી પહેરીનેય ફર્યા કરે. એટલે છત નથી એટલું સારું છે. આ લોકોની મહીં છત આવતા વાર નહીં લાગે, સંસ્કાર આવતા વાર નહીં લાગે. બહુ હેલ્ધી માઈન્ડના છે. હું એમને ઓળખી શકું છું સારી રીતે.

હેલ્ધી માઈન્ડ કેમ કહું છું હું, કે એને જેવું શીખવાડે એવું તૈયાર થઈ જાય ! જૂના રોગ નથી. ભૂખ લાગે ત્યારે ખાવાનું ખોળે, બીજું નહીં. મમતા નહીં એટલે એનું ઘર એનો બાપ વેચવા ફરતો હોય ને, તો મહીં એને પડેલી ના હોય. અને જૂના જમાનામાં તો બાપાને કહેશે, 'વેચવાનું નથી મારે.' અત્યારે તો હેલ્ધી માઈન્ડવાળા, મમતા નહીં. એટલે જેવો ઘડવો હોય એવો થાય. એટલે એ પ્રોફેસરે લખ્યું કે ગજબની શોધખોળ છે આ તો કંઈક ! હેલ્ધી માઈન્ડ છે !

તે આ કુદરતનો ઉપકાર છે કે આ જનરેશન બિલકુલ હેલ્ધી માઈન્ડની પાકી છે ! હેલ્ધી માઈન્ડની જનરેશન કોઈ વખત પાકે નહીં અને પાકે ત્યારે વર્લ્ડનું કલ્યાણ કરે. આને માર્ગદર્શન આપનાર જોઈએ.

### સમય પ્રમાણે જગત ફર્યા કરે

આ ઘૈડિયાઓ જૂના જમાનાને જ વળગી

રહે. અલ્યા, જમાના પ્રમાણે કર, નહીં તો માર ખઈને મરી જઈશ ! જમાના પ્રમાણે એડજસ્ટમેન્ટ લેવું જોઈએ.

સંસારનો અર્થ જ સમસરણ માર્ગ, એટલે નિરંતર પરિવર્તનપણાને પામ્યા કરે. જગત ફર્યા જ કરે છે, નિરંતર ફર્યા જ કરે છે. એકને એક જાતનું રહે ને, તો માણસને ગમે જ નહીં. અને મનુષ્યનો સ્વભાવ કેવો છે, કે નાનપણમાં જોયું હોય એવું ને એવું જ આ છોકરાને કહેશે, 'તારે આવું કરવાનું.' અલ્યા, રહેવા દે. વખત બદલાઈ ગયો, વાત બદલાઈ ગઈ. તે દહાડે હોટલોય ન્હોતી ને કશું નહોતું. અત્યારે હોટલો છે, અત્યારે ના ચાલીએ તો ક્યારે ચાલીએ ? સમય પ્રમાણે ફરવું જોઈએ બધું. સમય પ્રમાણે આ જગત ફર્યા જ કરવાનું અને પછી ફરી ફરી પાછું એની એ જ જગ્યાએ આવે. અને હવે એવા જ ચણિયા ને બધું પાછું એવું જ પહેરશે.

**પ્રશ્નકર્તા :** આ શરૂઆત થઈ ગઈ.

**દાદાશ્રી :** હા, થઈ જાય. તે ચૂડીઓ-બૂડીઓ પાછું ફરી એવું ને એવું જ પહેરશે. આ ચૂડીઓ જતી રહેલી ને, ચૂડીઓ...

**પ્રશ્નકર્તા :** હા, તે આવી પાછી.

**દાદાશ્રી :** તે હવે આવવા માંડી પાછી, જો આવવા માંડી. હા, એ બધું જેટલું (પહેલા) આપણે જોયું'તું ને, એ બધું (પાછું) આવવા માંડ્યું છે. જેની ઉપર ચીડ ચડતી'તી, ચૂડી દેખીએ ને ચીડ ચડે. તે અત્યારે રોફભેર દેખાય છે. કારણ કે દરેક વસ્તુ જ્યારે ના હોય ને, ત્યારે જ એ વસ્તુની કિંમત થાય છે. અને બહુ વધે પ્રમાણ, ત્યારે એ વસ્તુ પર ચીડ ચડે, એવો આ દુનિયાનો રિવાજ બધો !

એટલે સમય પ્રમાણે બધું ફર્યા જ કરે અને તેથી જ નવું નવું લાગે છે, તેથી જ જીવાય છે. નહીં તો જીવાય નહીં. જૂનું થઈ જાય તો ગમે ? એની એ જ દશા હોય તો ગમે નહીં માણસને.

અમારા વખતમાં સહેજ હોટેલમાં ગયો હોય તો ઘરે મા-બાપ દમ કાઢી નાખે. કારણ કે મા-બાપે (હોટેલ) જોયેલી જ નહીં. એ અમુક જમાનામાં ઊછર્યાં. એમના અમુક જાતના એ પર્યાય પડી ગયેલા. આ એમને ગમે નહીં અને છોકરાઓને આ ગમે. તે મતભેદ, આ સાંધા જ બધા પડ્યા કરે છે. અનંત અવતારથી જ, આ અવતારમાં જ આવું થયું એવું નથી, પહેલેથી જ આનું આ જ ચાલ્યું આવ્યું. નવા-જૂનાનો સાંધો ચાલ્યા જ કરે, ઝઘડો થોડો વખત રહે, થોડો વખત સારું રહે. તે ઘરમાં વીસ માણસો હોય તે બધાય દાદા કહે એ પ્રમાણે ચાલ્યા કરે. એવું થોડો વખત રહે. પછી તો બધાના ધાણી-ચણા વેચી ખાય એવો જમાનો આવે.

### મૉર્ડન બની લીધા એડજસ્ટમેન્ટ

છોકરો જૂની વાત સ્વીકારવા તૈયાર નથી. એટલે આપણે બધા વાંધા પડી ગયા છે. બાપને હું મોર્ડન થવાનું કહું છું, તો થતા નથી. એ શી રીતે થાય ? મોર્ડન થવું એ કંઈ સહેલી વાત નથી.

કારણ કે દરેક યુગમાં હંમેશાં આવો ભેદ પડી જાય છે. કળિયુગ જ્યારે પલટો મારે ત્યાં એ વખતે જો મૂર્ખ હોય તો પકડ રાખે. હું તો પહેલેથી જ મોર્ડન થઈ ગયેલો. કારણ કે એ યુગ ફરે છે. આ વચ્ચે છોકરાં છે તે આવડા આવડા વાળને આમ થોભીયા-બોભીયા એમાં લોકોએ ટીકા કરવા માંડી, મેં કહ્યું, 'ના કરશો.' એ છોકરાં એમને આ બુદ્ધિપૂર્વક નથી થતું. આ તો વર્લ્ડ ઈઝ ધી પઝલ ઈટસેલ્ફ. પોતે જાતે જ કોયડો થઈ ગયો છે આ અને ગુહ્ય છે કોયડો !

**પ્રશ્નકર્તા :** દાદા, તમારી પણ ધન્ય ઘડી છે

કે જૂના અને નવા જમાનાના, બેય જાતના માલ જોવા મળ્યા, પાછલું એ અને આ નવું.

**દાદાશ્રી :** હા, બધુંય. તે હું તો પાછો એવું છે ને, મૉડર્ન સ્વભાવનો માણસ ! અત્યારે ભેગો મળતો રહું આ બધાની જોડે, તો એમની જોડે આઈસ્ક્રીમ-બાઈસ્ક્રીમ હઉ ખઉં. એમને વઢું નહીં, આઈસ્ક્રીમ ખાતા હોય તો, કે 'ના, ખાઓ બા.' જમાનો પલટાયો તો ખાઓ છો, નહીં તો ક્યાંથી, હતું જ ક્યાં ? પહેલા આઈસ્ક્રીમ જોયેલો જ ક્યાં હતો બળ્યો ?

મેં તો હિસાબ કાઢેલો. અઢાર વર્ષની મારી ઉંમર હતી, ત્યારે અમે પાછલાવાળાને ધિક્કારતા હતા કે તમે આવા લોકો, આ જૂના વિચારના ને આમ ને તેમ ને... ધિક્કારતા'તા એમના વિચારો ને એ બધું જોઈને. એટલે એમના તરફ મશ્કરીઓ કરતા ને બીજું કરતા'તા. એટલે એના ઉપરથી જ હું સમજી ગયેલો કે આ નવી પેઢી આપણને આવું જ કહેશે.

એટલે આ આપણી ભૂલ હતી, આમને ધિક્કારતા હતા તે. ધિક્કારવા ના જોઈએ તે વખતે. આપણે એડજસ્ટ થવું જોઈએ.

## નેચરના પ્રવાહમાં જૂનાનું નવું, નવાનું જૂનું

એટલે નવી પેઢીવાળાએ જેમ કહ્યું ને, તેમ એમાં હું એડજસ્ટ થયેલો.

**પ્રશ્નકર્તા :** હા, એ સમયના વહેણમાં ચાલવું જોઈએ.

**દાદાશ્રી :** હા, એને મળીને ચાલવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** સામા વહેણે જવાય જ નહીં ને ! તમે જાવ તોય ડૂબી જાવ.

**દાદાશ્રી :** ના, એને કોઈ સુધારી શકે જ નહીં. પોતે સુધર્યો નહીં, એ કોઈને શું સુધારી શકે તે ? આ તો સુધારવા માટે કહે, 'સિનેમામાં ના જવાય, સિનેમામાં ના જવાય.' મૂઆ, તું હવે ઘૈડો થઈ ગયો તે તને ના હોય મોહ, પણ તે આને મોહ ના હોય ?

**પ્રશ્નકર્તા :** હા, હા, હોય.

**દાદાશ્રી :** તું ઘૈડો થઈ ગયો, તે મોહ હોતો હશે સિનેમાનો ? એટલે હું તો છોકરાંઓને કહું, 'અલ્યા, તમને શરમ આવતી હોય તો હું જોડે આવીશ જોવા.' એટલે છોકરાં ખુશ થઈ જાય કે આપણા મતના મળતા છે.

**પ્રશ્નકર્તા :** ઊલટા આપણે એને કહીએ એમ કરે અને ખુશ રહે. અને 'ના' કહીએ તો એમનું મોઢું દિવેલિયા જેવું, તે પછી આપણું થાય. એના કરતા ચાલવા દો ને ! એડજસ્ટ થાવ ને, ભઈ !

**દાદાશ્રી :** જમાનાની વિરુદ્ધ, જે પ્રવાહની વિરુદ્ધ ચાલેલા ને, એ બધા જ ફેંકાઈ ગયેલા. એ પ્રવાહ છે, પ્રવાહ ! આ મારી શોધખોળ છે, કે પ્રવાહની વિરુદ્ધ ચાલ્યા એ બધા ફેંકાઈ ગયેલા. એટલે પ્રવાહને જો માન નહીં આપે તો માર્યો જશે.

પ્રવાહ છે આ તો કુદરતી. આ તે માણસો નથી કરતા આ બધું, નેચર કરી રહી છે આ બધું. નેચર (કુદરત) નિરંતર ગોળ ફર્યા જ કરે છે, ગોળ ફર્યા જ કરે છે. આ રાઉન્ડમાં છે બધું. આ યુગો એય રાઉન્ડ છે. પાછલું બધું ભૂલાડી દે અને પાછું આ નવું નવું ઉત્પન્ન થાય. જૂનાને નવું કરે છે અને નવાને પછી જૂનું કરે છે. જૂનાને નવું કરે છે. આ બધી અવસ્થાઓ ઊભી થઈ છે. તેનાથી આ આખું જગત દેખાય છે ! અવસ્થાઓ બધી 'રિલેટિવ' છે, વિનાશી છે, નિરંતર ફેરફાર થનારી છે ! આમ (જનરેશનના) આ ચક્કર ફર્યા કરે, કાળ પ્રમાણે બધું થયા કરે, એમાં કોઈનોય દોષ નથી.

**- જય સચ્ચિદાનંદ**

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના આગામી સત્સંગ કાર્યક્રમો

### અડાલજ

**૭ થી ૧૧ મે** (બુધ થી રવિ) - **PMHT (પેરન્ટ્સ મહાત્મા) શિબિર**

**૯ મે - પૂજ્યશ્રીના જન્મ દિવસની ઉજવણી**

**નોંધ :** ૧) આ શિબિર જ્ઞાન લીધેલ પરિણીત મહાત્માઓ માટે રહેશે. ૨) શિબિરમાં 'પતિ-પત્નીનો દિવ્ય વ્યવહાર', 'મા-બાપ છોકરાંનો વ્યવહાર' અને 'પૈસાના વ્યવહાર' વિષયો પર પૂજ્યશ્રી દ્વારા સત્સંગ થશે.

### સુરત

**૧૬-૧૭ મે** (શુક્ર-શનિ) સાંજે ૮ થી ૧૧ - **સત્સંગ** તથા **૧૮ મે** સાંજે ૭-૩૦ થી ૧૧ (રવિ) - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** ઉન્નતિ ફાર્મ, **BRTS** રોડ, સીમાડા ગામ, નાના વરાછા, સુરત. **સંપર્ક :** 9574008007

### નવસારી

**૨૦ અને ૨૨ મે** (મંગળ અને ગુરુ) સાંજે ૭ થી ૧૦ - **આપ્તપુત્ર સત્સંગ**

**૨૧ મે** (બુધ) સાંજે ૬-૩૦ થી ૧૦ - **જ્ઞાનવિધિ**

**સ્થળ :** શ્રી રામજી મંદિર, રોટરી આંખની હોસ્પિટલ પાસે, દુધિયા તળાવ, નવસારી. **સંપર્ક :** 9081799231

## અડાલજમાં અપરિણીત યુવાનો માટે આપ્તપુત્રો સાથે વિશેષ શિબિર : તા. ૬ થી ૮ જૂન ૨૦૨૫

**મોબાઈલ-ઈન્ટરનેટ, વિષય-વિકારના તમામ કુસંગથી કેવી રીતે નીકળવું એ માટેની વિશેષ શિબિર**

ઉંમર ૨૧ થી ૩૦ વર્ષના આત્મજ્ઞાન લીધેલા, જ્ઞાન લીધાને ૧ વર્ષ પૂર્ણ થયેલ હોય તેવા અપરણિત યુવાનો આ શિબિરમાં ભાગ લઈ શકશે. શિબિર માટે રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. Calling / WhatsApp મો. નંબર - ૯૦૩૩૫૦૧૫૭૧

---

## પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર

**ભારત**

- **'દૂરદર્શન ગિરનાર'** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૩૦, રાત્રે ૯-૩૦ થી ૧૦-૩૦
- **'ધર્મ સંદેશ' ચેનલ** પર દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'વાલમ'** પર દરરોજ સાંજે ૬ થી ૭ (ફક્ત ગુજરાત રાજ્યમાં)
- **'સાધના ગોલ્ડ ગુજરાતી'** પર દરરોજ સવારે ૭ થી ૮, રાત્રે ૮ થી ૯
- **'साधना'** पर हर रोज़ सुबह 7-50 से 8-15 (हिन्दी में)
- **'दूरदर्शन उत्तरप्रदेश'** पर हर रोज़ सुबह 7-30 से 8 और दोपहर 3 से 4 (हिन्दी में)
- **'दूरदर्शन सह्याद्रि'** पर हर रोज़ सुबह 7 से 7-45, और दोपहर 3-30 से 4 सोम से शुक्र और शनि-रवि दोपहर 11-30 से 12 (मराठी में)
- **'आस्था कन्नड़ा'** पर हर रोज़ दोपहर 12 से 12-30 तथा शाम 4-30 से 5 (कन्नड़ा में)
- **'दूरदर्शन चंदना'** पर हर रोज़ शाम 6-30 से 7 (कन्नड़ा में)

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** 9328661166-77; **રાજકોટ :** 9924343478; **ભુજ :** 9924345588; **ગોધરા :** 9723707738; **મોરબી :** 9924341188; **સુરેન્દ્રનગર :** 9737048322; **અમરેલી :** 9924344460; **વડોદરા :** 9574001557; **અંજાર :** 9924346622; **જામનગર :** 9924343687; **જૂનાગઢ :** 9924344489; **મુંબઈ :** 9323528901; **ભાવનગર :** 9313882288; **અમદાવાદ (દાદા દર્શન) :** 9574001445; **વડોદરા (દાદા મંદિર) :** 9924343335
**U.S.A. Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706

## અડાલજ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૨૪ માર્ચ ૨૦૨૫



## પૂજ્યશ્રીનો જર્મની સત્સંગ પ્રવાસ : તા.૨૮ માર્ચ થી તા. ૧ એપ્રિલ ૨૦૨૫



મે ૨૦૨૫
વર્ષ-૩૦, અંક-૭
સળંગ અંક-૩૫૭

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
RNI No. 67543/95
Reg. no. G-GNR-347 valid up to 31-12-2026
Licensed to Post Without Pre-payment
No. PMG/NG/037/2024-2026
Valid up to 31-12-2026
Posted at Gandhinagar SRO
on 1st of every month.

## આજના યુગ પ્રમાણે આપણે પણ મોર્ડન થવું પડે !

છોકરાં જૂની વાત સ્વીકારવા તૈયાર નથી. એટલે આપણે બધા વાંધા પડી ગયા છે. બાપને હું મોર્ડન થવાનું કહું છું, તો થતા નથી. એ શી રીતે થાય ? મોર્ડન થવું એ કંઈ સહેલી વાત નથી. કારણ કે દરેક યુગમાં હંમેશા આવો ભેદ પડી જાય છે. કળિયુગ જ્યારે પલટો મારે ત્યાં એ વખતે જો મૂર્ખ હોય તો પકડ રાખે. હું તો પહેલેથી જ મોર્ડન થઈ ગયેલો. કારણ કે એ યુગ ફરે છે. આ છોકરાં છે તે આવડાં આવડાં વાળ ને આમ થોભીયા-બોભીયા રાખવા માંડ્યા એમાં તો લોકોએ ટીકા કરવા માંડી. મેં કહ્યું, ''ના કરશો.'' એ છોકરાં એમને આ બુદ્ધિપૂર્વક નથી થતું આ. આ તો વર્લ્ડ ઈઝ ધી પઝલ ઈટસેલ્ફ ! આપણને એ અનુકુળ ના આવે ને, તો એડજસ્ટ થઈએ પણ એમાં આપણે વિરોધી નહીં.

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા મલ્ટીપ્રિન્ટ, બેઝ બી કાપડીયા ન્યુ સ્કૂલની સામે છત્રાલ-પ્રતાપપુરા રોડ, મુ. છત્રાલ, તા. કલોલ, જિ. ગાંધીનગર - ૩૮૨૭૨૯ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.